**સુવિચાર**

સત્ય એ પાણીમાં તરતાં તેલનાં ટીપા સમાન છે, તમે ગમે તેટલું પાણી ઉમેરો, એ હંમેશા ઉપર જ તરે છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૭/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ વદ-૮ વર્ષ : ૧૫ અંક : ૧૯૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી ( દૂરબીનથી ઓપરેશન)
૨૪x૭
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૯૩૦૦૦

## સરકારી વિભાગો દ્વારા કોઈપણ વિકાસકાર્યમાં દિલ લગાવીને કાર્ય થતું નથી

# બાબરામાં માર્ગ બનાવવામાં ગંભીરતા ન હોય પાણીની લાઈન તૂટી

આમ આમી પાર્ટીનાં અગ્રણીએ વિડીયો બનાવીને સોશ્યલ મીડિયામાં કર્યો વાયરલ

પાણીની પાઈપલાઈન તૂટી જતાં એક કિ.મી. દૂર સુધી પાણી દોડતા થયા

વરસાદી પાણીની રાહ જોતા શહેરીજનોને શાસકોને બેદરકારીનાં કારણે પાણીનાં દર્શન થયા

આરોગ્ય કેન્દ્રમાં પાણી ભરાતા દર્દીઓની પણ પરેશાની વધી






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭


બાબરામાં બસ સ્ટેન્ડ વિસ્તાર નજીક આવેલ કોમ્પ્લેક્ષની સામે છેલ્લા એક સપ્તાહથી બ્લોગ રોડનું કામ પાલિકા દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેમાં આજે અહીં બસ નજીક આવેલ એક કોમ્લેકસનું બ્લોગ રોડ કામકાજ દરમિયાન ખોદકામમાં પસાર થતી પાલિકાની પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા પાણી વહેવા લાગ્યું હતું. પાલિકાના પુરવઠા વિભાગના કર્મચારીઓ આવે અને મુખ્ય પાઈપ લાઈન બંધ કરે તે પહેલા હજારો ગેલન પાણી નકામું વહી ગયું. શહેરના રોડમાં નદીઓ વહે

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ધારાસભ્ય કસવાલાનાં પ્રયત્નોથી

## આનંદો : વીજપડીમાં રૂપિયા ૬.૬૦ કરોડનાં ખર્ચે સામુહિક આરોગ્ય કેન્દ્ર બનશે

**૩૭ ગામોને સામૂહિક આરોગ્ય કેન્દ્રનો લાભ મળશે**





અમરેલી, તા. ૨૭

અમરેલી જીલ્લાના છેવાડાનું ગામ વીજપડી જે સાવરકુંડલા તાલુકાનું સૌથી મોટું ગામ હોય અને ત્યાંનું વ્યાપાર કેન્દ્ર પણ મોટું હોય જેમાં આજુબાજુના તેમજ રાજુલા તથા મહુવા તાલુકાના ગામડાઓનો ખરીદ વેચાણનું પણ કેન્દ્ર વીજપડી ગામ હોય જેને ધ્યાને લઈ કર્મશીલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને આ ગામના લોકો વતી સામૂહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે રજૂઆતો મેળવી હતી જે ધ્યાને લઈ કસવાલાએ સરકારમાં સતત રૂબરૂ અને ટેલીફોનિક તેમજ લેખિત રજૂઆતો કરતા રહ્યા અને આ ગુજરાતની સંવેદનશીલ ભાજપ સરકાર દ્વારા વીજપડી તથા આજુબાજુના ગામોની આરોગ્ય સુખાકારી માટે સામુહિક આરોગ્ય કેન્દ્રને તાંત્રિક મંજૂરી

**અનુસંધાન પાના ૬ ઉપર**

### હંગામી, ફિક્સ પે કે આઉટ સોર્સિંગનાં કર્મચારીઓથી મુશ્કેલી

## અમરેલી પાલિકામાં કાયમી કર્મચારીઓની અનેક જગ્યાઓ ખાલી હોવાથી લોકઉપયોગી કામોમાં વિલંબ

**સ્ટ્રીટલાઈટ, ગંદકી, બિસ્માર માર્ગો, નિયમિત પાણી સહિતનાં કાર્યો ટલ્લે ચડયા**



અમરેલી, તા. ૨૭

અમરેલી પાલિકામાંથી અનેક કાયમી કર્મચારીઓ વયમર્યાદાથી નિવૃત્ત થયા છે અને દર મહિને બે મહિને

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અગ્રણી લાલબાપુ નાકરાણીની રજૂઆત

## ધારીનાં ગીરકાંઠાનાં દુધાળા ગામમાં પરિવહન, માર્ગ સહિતની અનેક સમસ્યા

**ગામને વ્યાપક પ્રમાણમાં થાય છે અન્યાય**

અમરેલી, તા. ૨૭

ધારીનાં ગીરકાંઠાના દુધાળા ગામે અનેક સમસ્યાઓ વિકરાળ બનતા ગામનાં અગ્રણી લાલબાપુ નાકરાણીએ સાસંદ અને ધારાસભ્યને રજૂઆત કરેલ છે.

તેઓએ જણાવે છે કે, દુધાળા અન્ય ગામ જવાના તમામ માર્ગ બંધ થયા છે. તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ ભાજપનું શાસન આવ્યા બાદ બંધ છે. તો ભાવનગર–તુલસીશ્યામ રૂટની વર્ષોથી ચાલતી બસ પણ બંધ છે.

વધુમાં જણાવેલ છે કે, ૬૬ કે.વી. સબસ્ટેશનમાં કર્મચારીઓની નિમંણૂક કરાતી નથી. પાણી માટેનાં બંધારાનું પણ રિપેરીંગ કરાતુ નથી સહિતની સમસ્યાનું નિરાકરણ કરવાની માંગ કરવામાં આવી છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
61,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૭/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
• ઉદાસી રોગ
• મરવાના વિચાર આવવા
• વિચારવાયુ
• વહેમ, શંકા
• મંદબુદ્ધિ બાળકોની સારવાર
• ચિંતા - ટેન્શન
• માથાનો દુઃખાવો
• જાતિય રોગો
• વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
• કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
• બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
• વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
• જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
• જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
• પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

# અમરેલી : શાંતાબા મેડિકલ કોલેજ દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં વૃક્ષારોપણ કરાયુ



અમરેલી ગજેરા ટ્રસ્ટના ચેરમેન વસંતભાઈ ગજેરાના ૧૦૦૦૦૦ વૃક્ષોના વાવેતર માટેના અભિયાન અંતર્ગત આજરોજ અમરેલી શહેરના વિવિધ વિસ્તારો જેવા કે ધનશ્યામનગર સોસાયટી, સતાધાર નગર, શીવ રેસિડેન્સી તથા કેરેયા રોડ પર પ્રસંગ પાર્ટી પ્લોટ, સારથી રેસીડેન્સી, સંસ્કાર રેસિડેન્સી અને મધુરમ સોસાયટી ખાતે અમરેલીના લોક લાડીલા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના હાથે વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ હતું. આ સમગ્ર કાર્યક્રમમાં નગર સેવક હરિભાઈ કાબરિયા, ચિરાગભાઈ ચાવડા, સંજયભાઈ માલવિયા, અશ્વિનભાઈ કાનાણી તથા ગજેરા ટ્રસ્ટ વતી દિનેશભાઈ કાપડિયા તથા સનીભાઈ ધાનાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

### નાયબ કાર્યપાલક ઈજનેરની કામગીરીથી સૌ ખુશ

## જાફરાબાદમાં નમી ગયેલ ટ્રાન્સફોર્મરને યુધ્ધનાં ધોરણે અડિખમ કરી દેવાયું

### વૃક્ષની નડતરરૂપ ડાળીઓ હટાવાઈ

જાફરાબાદ, તા. ૨૭

જાફરાબાદનાં પોલીસ સ્ટેશન સામે આવેલ પીજીવીસેલનાં ટ્રાન્સફોર્મરને નાયબ કાર્યપાલક ઈજનેર સોલંકી અને તેમની ટીમે યુધ્ધનાં ધોરણે અડિખમ કરીને નડતરરૂપ વૃક્ષની ડાળીઓ દૂર કરી હતી.



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

## વડિયામાં ડોર ટુ ડોર મુલાકાત કરતાં નાયબ દંડક વેકરિયા

વડિયા, તા. ૨૭

કુંકાવાવ પંથકમાં ગુજરાત સરકારના વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા એ મુલાકાત કરી હતી પ્રથમ વડિયા સ્વામિનારાયણ દિવ્યધામ મંદિરે દર્શન કરી સંતો મહંતો સાથે વાર્તાલાપ કરી આશીર્વાદ મેળવ્યા હતા બાદમાં વડિયા કંથડનાથ મહાદેવ મંદિર ખાતે શ્રી ભગવાન મહાદેવના દર્શન કરી મહંત ભરતનાથ બાપુ સાથે વાતચીત કરી આશીર્વાદ મેળવ્યા બાદમાં વડિયા ગ્રામ પંચાયત ખાતે પહોંચી સરપંચ સાથે કામગીરી અંગે ચર્ચાઓ કરી હતી બાદમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને ભાજપ ટીમ પગપાળા ચાલીને વડિયા શહેરમાં વેપારીઓ અને મતદારોની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને ડોર ટુ ડોર મુલાકાત લેતા લોકોમાં પણ હરખ જોવા મળ્યો હતો જેમાં અમરેલી જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ જલ્પેશભાઈ મોવલીયા તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અટારા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા વડિયા સરપંચ મનિષભાઈ ઢોલરીયા, ચેતનભાઈ દાફડા, છગનભાઈ ઢોલરીયા, પ્રતિકભાઈ, હરખાણી સહિતના મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

### નવરંગ નેચર કલબ દ્વારા

## બાબરામાં કલમી ફળો અને ફુલછોડના રોપોનું રાહતદરે વિતરણ થશે

### ૩૦ જુલાઈનાં રોજ સવારે ૮ થી ૧૨ સુધી કાર્યક્રમ

બાબરા, તા. ૨૭

બાબરા ખાતે નવરંગ નેચર કલબ રાજકોટ દ્વારા મૂલ્યવાન કલમી ફળોના રોપ અને ફુલછોડ સહિત મધ અને શાકભાજીના બિયારણોનું રાહત દરે વિતરણ કરવામાં આવશે.

નવરંગ નેચર કલબ રાજકોટના સેવાભાવી પ્રમુખ વી.ડી. બાલા સાહેબના જણાવ્યા મુજબ હાલ ચોમાસાની ઋતુમાં મોટા ભાગે વૃક્ષોના વાવેતર થાય છે જેમાં મોટા ભાગે થયેલા ફળ ફળાદી વૃક્ષોના વાવેતરોમાં ફળો વહેલા કે મોડા અથવા નહિવત રીઝલ્ટ મળતું હોઈ છે જેથી વૃક્ષ ઉછેરકને ધાર્યુ પરિણામ મળતું નથી માટે નવરંગ નેચર કલબ રાજકોટના નેજા તળે બાબરા નાગરિક બેંક ચોક ખાતે તા. ૩૦/૭/૨૪ સવારે ૮ થી બપોરે ૧૨ કલાક સુધી જાતવાન અને નીવડેલા ફળો કેસર કલમી આંબા, કાલપતિ કલમી ચીકુ, નાળિયેર, કલમી જામફળ, સહિત કમરખના રોપ અને વિવિધ ડેકોરેશન સહિતની જાતોવના ફુલછોડ, મધ, અને વિવિધ શાકભાજીના બિયારણોનું રાહત દરે વિતરણ કરવામાં આવશે. ફળાદી કલમી વૃક્ષો સહિત ફૂલછોડ બિયારણો રાહત દરે ખરીદવા માટે ઈચ્છુકો ને સમય સર ઉપસ્થિત રહેવા નવરંગ નેચર કલબના સહયોગી મિત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે.

## મમતા બેનર્જી નીતિ આયોગની મીટિંગ છોડીને નીકળી ગયા

નવી દિલ્હી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં દિલ્હીમાં નીતિ આયોગની બેઠક ચાલી રહી છે. આ બેઠકમાં બીજેપી શાસિત મુખ્યમંત્રીઓ સિવાય પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જી સામેલ થયા હતા. એવા સમાચાર છે કે મમતા બેનર્જી અડધી બેઠક છોડીને નીકળી ગયા હતા. એટલું જ નહીં મમતાએ આ દરમિયાન કહ્યું કે આવું કઈ રીતે ચાલી શકે ? મમતા બેનર્જીએ કહ્યું કે તેમણે બેઠકમાં પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમને બેઠકમાં બોલવાની તક પણ આપવામાં આવતી નથી. આવું કઈ રીતે ચાલી શકે ?

મમતા બેનર્જીએ કહ્યું કે કેન્દ્ર સરકાર મનમાની કરી રહી છે. મેં કહ્યું કે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારો સાથે ભેદભાવ ન કરવો જોઈએ. હું બોલવા માંગતી હતી પરંતુ મને માત્ર ૫ મિનિટ જ બોલવા દીધી. મારાથી પહેલાના લોકોએ ૧૦-૨૦ મિનિટ સુધી વાત કરી હતી. વિપક્ષમાંથી હું એકલી હતી, જે આ બેઠકમાં ભાગ લઈ રહી હતી. જોકે તેમ છતાં મને બોલવા દીધી નહોતી. આ માત્ર બંગાળનું જ નહીં પરંતુ તમામ ક્ષેત્રીય દળોનું અપમાન છે.

નીતિ આયોગની આ બેઠકનો ઘણા વિપક્ષ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓએ બજેટમાં ભેદભાવ થયો હોવાનો આરોપ લગાવીને બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. બહિષ્કાર કરનાર મુખ્યમંત્રીઓમાં તમિલનાડુના સીએમ એમ કે સ્ટાલિન, કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયનની સાથે-સાથે આમ આદમીની પાર્ટીની આગેવાની વાળી પંજાબ અને દિલ્હી સરકાર સામેલ છે. આ સિવાય કર્ણાટકના સિદ્ધારમૈયા, હિમાચલપ્રદેશના સીએમ સુખવિંદર સિંહ સુક્ખૂ અને તેલંગાનાના સીએમ રેવંત રેડ્ડીએ પણ બેઠકમાં સામેલ થવાનો નિર્ણય કર્યો છે. જોકે આ બધાથી વિપરિત પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી બેઠકમાં સામેલ થવા પહોંચ્યા હતા. બેનર્જીએ કહ્યું હતું કે આ નેતાઓના અવાજને એક કોમન મંચ પર ઉઠાવવો જોઈએ. આ સિવાય મમતાએ માંગ કરી કે નીતિ આયોગને ખત્મ કરી દેવું જોઈએ અને ફરીથી યોજના આયોગને માન્યતા આપવી જોઈએ.

### સેશન્સ કોર્ટમાં એડવોકેટ અજય પંડયાની દલીલો સફળ

## અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં થયેલ ફાયરિંગનાં ગુન્હામાં આરોપી નિર્દોષ

### બંને આરોપીઓને નિર્દોષ છોડી મુકવા હુકમ

અમરેલી, તા. ૨૭

અમરેલી વિદ્વાન વકીલ અજય પંડયાની દલીલોને ધ્યાને લઈ ડો. જીવરાજ મહેતા ચોક પાસે જાહેરમાં થયેલ ફાયરિંગ અને જાનથી મારી નાખવાના ચકચારી કેસમાં આરોપીઓને છોડી મુકવાનો હુકમ કરતી સેસન્સ કોર્ટે હુકમ કરેલ છે.



મળતી વિગત અનુસાર સને ૨૦૨૧માં ફરિયાદી બીપીનભાઈની ડો. જીવરાજ મહેતા ચોક પાસે આવેલ તેની દુકાને તેઓ હાજર હોય ત્યારે અગાઉ બસમાં થયેલ માથાકૂટનો રાગદ્વેષ રાખી આરોપીઓ રઘુભાઈ ધાંધલ, રાજભા અને દેવાંગભાઈ તેની દુકાને આવી જાહેરમાં ફરિયાદીને મારી નાખવાના ઈરાદે બે રાઉન્ડ ફાયરિંગ કરી ફરિયાદીને લોખંડના પાટા વડે માર માર્યાની વિગતવારની ફરિયાદ ફરિયાદીએ સિટી પોલીસ સ્ટેશનમાં આપેલ હોય. જે કેસમાં ચાર્જશીટ દાખલ થતા આ કેસ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સેશન્સ કોર્ટ દ્વારા આરોપીઓ વિરૂદ્ધ પુરાવા અને વિદ્વાન વકીલ અજય પંડયાની દલીલોને ગ્રાહ રાખી ગુન્હો સાબિત થતો ન હોય આરોપીઓને છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં વકીલ અજય પંડયા આરોપીઓ તરફે રોકાયેલ હતા.

## લાઠીમાં સમસ્ત બાબર સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો



લાઠી, તા. ૨૭

અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં બાબર સમાજનો વિદ્યાર્થી સન્માન સમારોહ ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં દાતાઓ દ્વારા શાળાથી લઈને કોલેજોના વિદ્યાર્થીઓનેપ્રોત્સાહિતકરવામાંઆવ્યા હતા. આ કાર્યક્રમમાં સમાજના આગેવાનનો ઉપસ્થિત રહ્યા હતા. લાઠી શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સમસ્ત બાબર સમાજનો વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે પુરસ્કાર કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં ધોરણ–૧ માંઅભ્યાસ કરતા વિદ્યાર્થીઓથી લઈને કોલેજોના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સ્કૂલબેગ,ચોપડા,બોલપેનસહિતનીકીટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં શારદાબેનખેરજગદીશભાઈ કંડોળીયા દીપકભાઈ વાળા દ્વારા દાન રૂપી વિદ્યાથીઓને પ્રોત્સાહિત કર્યા હતા આ કાર્યક્રમનીશરૂઆતમાંબાબરસમાજના ઈષ્ટદેવ વીર મેહુર દાદાને યાદ કરીને કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાબરાસમાજનાઆગેવાનોઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે વિતરણ કરવામાંઆવ્યુંહતું. આઉપરાંતઅહીંદર વર્ષનોજ્ઞાતિનોહિસાબપણરજુકરવામાં આવ્યો હતો. જેમાં જ્ઞાતિના પ્રમુખ કલ્પેશભાઈખેર, મહામંત્રીહિંમતભાઈ યાદવ, ખજાનચી ઘનશ્યામ ભાઈ કંડોળીયાદ્વારાઅલગ–અલગહિસાબો આપવામાં આવ્યા હતા તેમજ અહીં કાર્યક્રમમાંબાબરસમાજનાઆગેવાનો વડીલોતેમજમોટીસંખ્યામાંમહિલાઓ અનેવિદ્યાર્થીઓઉપસ્થિતરહ્યાહતા.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસમાં વિદ્યાર્થીઓમાં ''હેપેટાઈટિસ''ની જાગૃત્તિ અર્થે સેમિનાર યોજાયો



શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓને હેપેટાઈટિસ વિશે જાગૃત કરવાના ઉદેશથી શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા વિદ્યાર્થીઓને હિપેટાઈસીસ વાયરસના લક્ષણો શું હોય છે અને કેવી રીતે ફેલાય છે તેમજતેના ઈલાજ વિશે માહિતી આપી. દર વર્ષે ૨૮ જુલાઈના રોજ વિશ્વ હિપેટાઈટિસ દિવસ ઉજવવામાં આવે છે. લીવરને લગતા હીપેટાઈટીસ રોગ વિશે લોકોને જાગ્રૃત કરવાના ઉદેશથી હેપેટાઈટિસ ડેની ઉજવણી કરવામાં આવે છે. જોકે આ રોગનો ભોગ બનેલા લોકોના લીવરમાં બળતરા સાથે લીવર ખરાબ સ્થિતિમાં બની જાય છે. આ એક ગંભીર અને જીવલેણ રોગ થવા પાછળ ના કારણની જો વાત કરીએ તો વાયરલ ઈન્ફેકશનથી થતી આ બિમારી અનેક કારણોને લીધે વકરી શકે છે. જેમાં હેપેટાઈટિસ દૂષિત ખોરાક અને પાણીના લીધે થાય છે. વધુમાં સંક્રમિત વ્યકિતના ઈન્જેકશના ઉપયોગથી પણ આ જોખમ વધી શકે છે. તથા ભોગ ગ્રસ્તના લોહીના સંક્રમણમાં આવવાથી પણ આ રોગ વકરી શકે છે. લક્ષણોની વાત કરીએ તો હંમેશા થાક લાગવો ઉપરાંત ત્વચાનો રંગ પોળો પડવો ! તથા આંખોનો સફેદ ભાગ પીળો પડવો, ઉલટી થવી તથા ભૂખ ન લાગવા સહિત અનેક સમસ્યા જાગે છે. આ ઉપરાંત પેટમાં દર્દ તથા સોજો અને માથામાં દુખાવો તથા ચકકર આવવા તેમજ યુરીનનો રંગ બદલવો અને અચાનક વજનમાં ઘટાડો નોંધાવો તથા લાંબા સમય સધી તાવ આવવો સહિતના અનેક લક્ષણો જોવા મળે છે. વાયરલ ચેપને કારણે લોકો આ રોગના ભરડામાંઆવી જતા હોવાનું તબીબો દાવો કરે છે. આ રોગનું જોખમ ઘટાડવા માટે જન્મતાની સાથે જ બાળકને રસી આપવી જોઈએ. જેવી વિશેષ માહિતી આપેલ. શાંતાબા જનરલ હોસ્પિટલમાંથી આવેલ ડોકટર નિરાલી મેડમ અને સ્ટાફ દ્વારા ''હિપેટાઈટિસ'' વિશે માહિતી આપી સેમિનાર લેવામાં આવ્યો હતો.

# અમરેલી : આર્યભટ્ટ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ દ્વારા યોજાયેલ પ્રેરણાદાયી 'ગુરૂપૂર્ણિમા' મહોત્સવ



અમરેલીની આર્યભટ્ટ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ ખાતે તા. ૨૦/૭/૨૪નાં શનિવારનાં દિવસે યોજાયેલ "ગુરૂપૂર્ણિમા"નાં પવિત્ર પર્વ જેમની અંદર આચાર્યશ્રી હેતલત્તાબેન જાની ધ્વારા વાલીઓને પ્રેભર્યુ આમંત્રણ આપવામાં આવ્યું. ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ તો બધી શાળાઓમાં ઉજવવામાં આવે છે પરંતુ જયારે આર્યભટ્ટ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલની વાત કરવામાં આવે ત્યારે તમને એક અલગ બાબત જાણવામાં આવે કે જેમની અંદર માત્ર શિક્ષકોનું નહિ પરંતુ બધી માતાઓનું સન્માન કરવામાં આવ્યું. તેમની આરતી ઉતારી તેમના ચરણ સ્પર્શ કરી આપણા જીવનની અંદર સર્વોપરી ગુરૂ એટલે કે માતાઓનું મહત્વ સમજાવવામાં આવ્યું.

આ અવલૌકિ અનુભૂતિ હૃદયને એટલી બધી સ્પર્શી આવે જયારે બધા બાળકો પોતાની પ્રથમ ગુરૂ એટલે કે માતાને સન્માનિત કરે છે. આ વસ્તુઓ શિક્ષકોના હૃદયની તો સ્પર્શી આવી જ પરંતુ સૌથી મહત્વની વાત એ છે કે બધી માતાઓનાં આંખમાં અશ્રુઓ જોઈને હૃદય ઝળહળી ઉઠે છે. એક માતાનો પોતાના બાળક માટેનો પ્રેમ અને એક બાળકનો પોતાની માતા માટેનો પ્રેમ જોવા મળ્યો અને આજ બાબત આર્યભટ્ટ ઈંગ્લીશ મીડિયમને અલગ બનાવે છે.

આ એક પ્રસંગ દ્વારા આપણને સમજાય છે કે સ્કૂલનાં આચાર્યશ્રીની સાથે શિક્ષકો પણ બાળકોની અંદર સારા સંસ્કારોનું સિંચન કરી બાળકની અંદર પોતાના પ્રેમ સમર્પિત કરવામાં સક્ષમ છે. આચાર્યશ્રીની સાથે સ્કૂલનાં શિક્ષકોએ ફૂલ સમાન બાળકોને પોતાનું પ્રેમભર્યુ સમર્પણ, સંસ્કારોની સાથે ખીલવ્યા છે.

પહેલી વાર એવો ઉત્સવ, એવો પર્વ જોવા મળ્યો જેમની અંદર માતાઓને સન્માન સાથે પ્રેમભર્યુ આમંત્રણ આપી અને તેમને કરેલ કૃતજ્ઞ માટે તેમનો આભાર શિક્ષકો, આચાર્ય અને ખૂબ મહત્વની બાબત બાળકો દ્વારા કરવામાં આવ્યો અને એક સાચા શિક્ષક અથવા ગુરૂની ખાસિયત જ એ હોય જેમની અંદર બાળકોને સારા કામ કરવા પ્રેરિત કરવા અને આવી અનોખી બાબત તમને આર્યભટ્ટ ઈંગ્લીશ મીડિયમની અંદર જ જોવા મળે.

ત્યારબાદ આચાર્યશ્રી દ્વારા વાલીગણો તથા વિદ્યાર્થીઓને ગુરૂપૂર્ણિમાનું મહત્વ તથા શ્લોકનું ઉચ્ચારણ કરી કાર્યક્રમને ખૂબ સારો એવો વળાંક આપી કાર્યક્રમનાં અંતમાં ઉલ્લાસ, ઉતસાહ અને પ્રેમની સાથે બાળકો તથા વાલીઓ દ્વારા આચાર્યશ્રી અને શિક્ષકોનું સન્માન કરી ગુરૂપૂર્ણિમાની શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

આમ, ગુરૂપૂર્ણિમાના શુભ અવસરે શિક્ષકો તથા વાલીઓનું સન્માન કરી કાર્યક્રમને ખૂબ સારો અંત આપી આર્યભટ્ટ ઈંગ્લીશ મીડિયમનાં ઈતિહાસ એમાં સુવર્ણ અક્ષરે લખાશે અને યાદગાર રહેશે.



અહેવાલ : દિયા રૂપારેલ અમરેલી.

## 33 ટકા મહિલા અનામત સહિતની માંગ સાથે

# દેશનાં પાટનગર ખાતે આવતીકાલથી મહિલા કોંગ્રેસનું દેશ વ્યાપી આંદોલન શરૂ

## ગુજરાતમાંથી ૧૫૦થી વધુ મહિલાઓ જોડાશે

અમદાવાદ, તા. ૨૭

અખિલ ભારતીય મહિલા કોંગ્રેસ દ્વારા તા. ૨૯ જુલાઈ સોમવારના રોજ ભારતની રાજધાની દિલ્હીના જંતરમંતરથી દેશવ્યાપી આંદોલન શરૂ કરવા જઈ રહ્યું છે. આ આંદોલનમાં ગુજરાતમાંથી ૧૫૦ થી વધુ મહિલાઓ દિલ્હી ખાતે આંદોલનનો ભાગ બનવા જઈ રહી છે. આંદોલનની મુખ્ય ત્રણ માંગણીઓ છે. તે અંગે પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું કે, પ્રથમ માંગણી રાજકીય ન્યાય અને રાજકીય ભાગીદારી છે. આ રાજકીય ન્યાય અને રાજકીય ભાગીદારી હેઠળ માંગણી એ છે કે ૩૩ ટકા મહિલા અનામતનો કાયદો લાગુ કરો, આજે જ કરો, હમણાં કરો તથા અત્યંત પછાત વર્ગની એસસી, એસટી અને ઓબીસી બહેનોની સાથે તેમનું સ્થાન અને ભાગીદારી સુનિશ્ચિત કરીને મહિલા અનામત કાયદાનો અમલ કરવામાં આવે. હવે જે રાજયોમાં વિદ્યાનસભાની ચૂંટણી થવાની છે. સત્ર ચાલી રહ્યું છે, આ અંગે ચર્ચા કરીને અમલ કરો. હરિયાણા, ઝારખંડ, જમ્મુ અને કાશમીર, મહારાષ્ટ્ર આ રાજયોમાં ૨૦૨૪ના અંત સુધીમાં ચૂંટણી યોજાવાની છે, જેથી આ રાજયની મહિલાઓને અનામતનો લાભ મળી શકે.

બીજી માંગણી આર્થીક ન્યાય છે આજે મહિલાઓ વધતી મોંઘવારી અને વધતી બેરોજગારીનો ભોગ બની રહી છે. વધતી જતી મોંઘવારી અને વધતી બેરોજગારીને કારણે ઘણી બહેનો ઘરેલુ હિંસાનો શિકાર બની રહી છે. અમારી માંગ છે કે દેશની અડધી વસતીને મોંઘવારીમાંથી રાહત આપવી જોઈએ. આ બજેટમાં મહિલાઓને મોંઘવારીમાંથી રાહત મળશે તેવી અપેક્ષા હતી, પરંતુ આ બજેટ નિરાશાથી ભરેલું હતું. મહિલાઓ માટે નોકરી કે મોંઘવારીમાંથી રાહતની કોઈ ચર્ચા થઈ નથી. અમારી માંગ છે કે મહિલાઓ માટે મહાલક્ષ્મી યોજના લાગુ કરવામાં આવે. મહાલક્ષ્મી યોજનામાં કહેવામાં આવ્યું છે કે મોંઘવારી



અને બેરોજગારી સામે લડવા માટે દેશના દરેક ગરીબ પરિવારની એક મહિલાને વાર્ષિક ૧ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. દર મહિને ૮,૫૦૦ રૂપિયા સીધા તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. અમે માંગ કરીએ છીએ કે મહિલાઓને મોંઘવારીમાંથી રાહત આપવા માટે આર્થિક મદદ મહાલક્ષ્મી યોજના અંતર્ગત આપવામાં આવે. તેમના ખાતામાં સીધા પૈસા જમા કરીને તેમનું આર્થિક સશકિતકરણ અને આર્થિક ન્યાય થવો જોઈએ.

ત્રીજી માંગણી સામાજીક ન્યાય અને સુરક્ષાનો અધિકાર. ભાજપ સરકારમાં મહિલાઓ પર અત્યાચાર, મહિલાઓ સામેના ગુનાઓ સતત વધી રહ્યા છે અને ગુનેગારોમાં કાયદાનો ડર ઓછો થઈ રહ્યો છે. તાજેતરની ઘટના ગુજરાતના રાજકોટ જીલ્લાના આટકોટ ખાતે ડી.બી. પટેલ એજયુકેશન ટ્રસ્ટના બે આરોપીઓ પરેશભાઈ રાદડીયા અને મધુભાઈ ટાઢાણી દ્વારા યુવતિ ઉપર દુષ્કર્મ આચરવામાં આવ્યું જે ઘટનામાં પિડિતા યુવતિએ પોતે મીડીયા સમક્ષ આવીને પોતાને ન્યાય મળે તે માટે માંગણી કરી રહી છે કે મારી સાથે અવારનવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે ત્યારે સરકાર ફકત પોકળ દાવા અને ખોટા આશ્વાસન આપે છે. આરોપીને ધરપકડ થવી જોઈએ અને ફાસ્ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે એવી અમારી સરકાર સમક્ષ માંગણી છે. છેલ્લા એક મહિનામાં ટેટ–ટાટ એલ.આર.ડી.ની બહેનો જયારે પોતાના હકક, અધિકાર અને ન્યાય માટે ગાંધીનગર આવી શાંતિપૂર્ણ ધરણા કરી રહી હતી ત્યારે પોલીસ તેમજ સરકાર દ્વારા જે તેમની સાથે ગેરવર્તન કરવામાં આવ્યું તેમજ તેમને ઘસડી–ઘસડીને અટકાયત કરવામાં આવી તે નિંદનીય તેમજ અમાનવીય છે. લોકશાહીમાં મહિલાઓનો આંદોલન કરવાનો અધિકાર છે. આ ચળવળમાં ઉઠેલા દરેક અવાજને અમે ગાંધીવાદી સત્ય અને અહિંસાના માર્ગે ચાલીને ઉઠાવીશું.

મુખ્ય ત્રણ માંગણીઓ લઈને દિલ્હી ખાતે શરૂઆત કરી આ આંદોલન ગુજરાતમાં પણ મહિલા કોંગ્રેસ સંગઠનના માધ્યમથી જીલ્લા સ્તર પર કરવામાં આવશે. અને જયાં સુધી સરકાર દ્વારા આ માંગણીઓ પરીપૂર્ણ કરવામાં નહિં આવે ત્યાં સુધી મહિલા કોંગ્રેસ ગુજરાતની મહિલાઓ માટે અને સાથે રહી લડત ચલાવશે એવું ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું.

આ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના અમદાવાદ શહેરના પ્રમુખ કામીનીબેન સોની અને ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના મહામંત્રી મોનાબેન પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતાં.

## એસપીની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# લીલીયામોટા પો.સ્ટેનાં વિશ્વાસઘાતનાં ગુન્હામાં ૧૬ વર્ષથી ફરાર મહિલા આરોપીની અટકાયત

## ટેકનીકલ સોર્સ અને બાતમીને આધારે આરોપી ઝડપાઈ

લીલીયા, તા. ૨૭

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે લીલીય પોલીસ સ્ટેશન ઈ.પી.કો કલમ ૪૨૦, ૪૦૬, ૧૨૦બી, ૫૦૬(૨), ૧૧૪ મહિલા આરોપી શાયનાબેન ઉર્ફે પુંજા ઉર્ફે શીલ્પા સલીમભાઈ કાદરી, (રહે. રાજકોટ, મોટા મોવા) કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા ૧૬ વર્ષથી નાસતા ફરતી હોય, જેને ટેકનીકલ સોર્સ અને બાતમી



હક્કિત આધારે પકડી આગળની કાર્યવાહી થવા સારૂ લીલીયા મોટા પોલીસ સ્ટેશનમાં સોપી આપેલ છે.

## ઉમાશંકર કાકાનું નામ વટાવ્યું

# લીલીયાનાં યુવક સાથે ખોટી ઓળખ આપીને ૫૫ હજારની છેપરપીંડી

અમરેલી, તા. ૨૭

લીલીયા ગામે સાંઈનાથ પ્લોટ વિસ્તાર, સ્ટેશન રોડ ઉપર રહેતા હરેશભાઈ મંગાભાઈ ગોહીલ નામનાં ૪૦ વર્ષિય યુવકને તા.૧૭ ના રોજ ૧૨/૩૦ વાગ્યે કોઈ અજાણ્યા ઈસમે મો.નં.૮૬૮૪૮૫૬૮૫૩ તથા ૮૩૦૭૬૩૪૭૯૦ ના ધારકે આ યુવકના ઓળખીતા અને જે.સી.બી. મશીન ચલાવનાર ઉમાશંકર કાકાની ખોટી ઓળખ આપી દવાખાનાના કામમાં ફસાયેલ હોવાની ખોટી હકિકત જણાવી અને યુવકના ખાતામાં રૂપિયા જમા કર્યા અંગેના બનાવટી મેસેજ મોકલી યુવકને વિશ્વાસમાં લઈ તેમની પાસેથી જુદી–જુદી રકમનાં કુલ રૂ.૫૫,૦૦૦ ના જી પે અને ફોન પે માંથી ટ્રાન્જેકશન કરાવી લીલીયાના યુવક સાથે અજાણ્યા ઈસમે ઠગાઈ કર્યાની સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાય છે.

## મોગલમાં માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# ગોપાલગ્રામની ભકિતબા કન્યા શાળામાં ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો

## ધારાસભ્ય જે.વી. કાકડીયા પણ ઉપસ્થિત રહ્યા




ગોપાલગ્રામ, તા. ૨૭

મોગલમાં માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ચોપડા વિતરણ કરાયું.

ગોપાલગ્રામ દરબાર ગઢ ખાતે ધારી – બગસરા – ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી.કાકડિયા તેમજ સંસ્થા વતી શિવસાંઈ ગૃપના રાજુભાઈ જાની તથા લલિતદાદાએ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓને ચોપડા–સ્ટેશનરી વિતરણ કર્યુ હતું.

આ તકે ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી કિર્તીભાઈ ભટ્ટ, આગેવાનો બાબુભાઈ વાડદોરિયા રમણિકભાઈ ઠુમ્મર, કાળુભાઈ વાડદોરિયા, ચુનીભાઈ, પ્રતાપભાઈ વાળા, કનુભાઈ ભિસરિયા, સુરેશભાઈ, જીતુ ગજેરા, સંજય વાડદોરિયા, હર્ષ રામાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

બાળ કન્યાઓને પ્રોત્સાહન આપવા બદલ ભકિતબા ગોપાળદાસ દેસાઈ પ્રાથમિક કન્યાશાળાના શિક્ષકો દ્વારા સંસ્થા પ્રતિ આભારની લાગણી વ્યકત કરવામાં આવી હતી.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શૉરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Shine versary
આભાર ગુજરાત
HONDA
*સ્કીમ ઓફર ટૂંક સમય માટે જ..
95%
Anniversary Offer ₹5000 કેશબેક
5999/-
9.50%
ફ્રી હેલ્મેટ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૪૨૨૨ ૩૨૩૨૨

Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હજારમાં મશહૂર ખજુરની ચટણી સાથે
નારણ આઈસ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

YAMAHA
ચામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઇક
FZS
lord of the streets
Side Stand Engine cut-off Switch
Light Weight
135kg
Durable 149cc
Two-level Single Piece Seat
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪



# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ
તા.૨૮-૦૭-૨૦૨૪

**પ્રકરણ-૧૯૫ વર્ષ ૧૯૬૧**

**પ્રિય વાચક મિત્રો ,**

''ઈન્સાફ કી ડગર પે, બચ્ચો .. દિખાઓ ..ચલકે ..યે દેશ હૈ તુમહારા''

''ઢૂંઢો ઢૂંઢો રે ..સાજના ઢૂંઢો ...મોરે કાન કા બાલા ...''

પ્રિય વાચક મિત્રો ,

આપણે ૧૯૬૧ના ફિલ્મી સફરથી ૧૯૬૨માં પ્રવેશી રહ્યા છીએ. આપ સર્વ વાચક મિત્રો તથા અમરેલી એકસપ્રેશ દૈનિકનો અહી આભાર વ્યકત કરી. ગત વર્ષ ૧૯૬૧ની ફિલ્મ ''ગંગા જમુના'' ની થોડી વાતો સાથે ૧૯૬૧ ના ફિલ્મફેર એવાર્ડ અને ૧૯૬૨ ના નવા આવેલા કલાકારોના ટૂંકમાં પરિચય સાથે ૧૯૬૨ની ફિલ્મો સાથે આગળ વધતાં રેહશું.

ફિલ્મ ગંગા જમુનાની થોડી ગીત સંગીતની વાત કરીયે. હેમંત કુમારના સ્વરમાં અને શકીલ બદાયુનીની કલમમાં તે સમયે બાળ કોને શીખ આપવામાં આવતી હતી કે, ઈન્સાફ કી ડગર પે, બચ્ચો દિખાઓ ચલ કે, યે દેશ હૈ, તુમહારા, નેતા તું હી હો, કલ કે, અને આજે બાળક એક વર્ષનું થયું અટલે તેના હાથમાં મોબાઈલ આપી દેવામાં આવે છે. જે બાળક જેમ મોટું થતું જાય તેમ એક મોબાઈલનો દાસ થતો જાય છે. અમુક બાળકો બચપણથી જ માનસિક રીતે નિર્બળ થતાં જાય છે. સાત આઠ વર્ષના બાળકથી લઈ ૧૮ વર્ષના ટીન એજ બાળકોને ટીવી દ્વારા કે યુટયૂબ દ્વારા જુગાર, ઈલેવન સર્કલ, ડ્રીમ ઈલેવન અને રમી કે તીન પત્તિની જાહેર ખબરો



દ્વારા કશું કામ કર્યા વગર કરોડ પતિ થવાના સપના દેખાડી તે બાળક અને ભારતનું ભાવિ બરબાદીના રસ્તે લઈ જવામાં આવી રહ્યું છે. તે આજ ના નેતાઓ એટલે કે જે તે સરકાર કરી રહી છે. તો ભારતનું ભાવિ કેવું હશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે અને આજે ભારતમાં અભણ અને અસામાજિક પ્રવૃતિ સાથે જોડાયેલા નેતાઓ થઈ ગયા છે. તો ભારતનું ભાવિ કેવું હશે ? અન્ય એક ગીત રફી સાહેબના સ્વરમાં છે. નૈન લડ જઈ હૈ ...તો મનવામાં કસક હોઈ બે કરી .. પ્રેમ ક છૂટી હૈ પટાખા તો ધમક હોઈ બે કરી ..જે માત્ર રફી સાહેબ જ આ અવધિ ભાષાને અનુરૂપ ગીતને ન્યાય આપી શકે છે. આજે કોઈપણ એવા ગાયક જે રફી સાહેબના સ્વરમાં ઓરકેષ્ટ્રા પ્રોગ્રામ કરે છે. તેમાના મોટા ભાગના ગાયક રફી સાહેબના એવા ગીતોનો પ્રયોગ કરતાં નથી.

હવે વાત કરીયે ..૧૯૬૧ના ફિલ્મ ફેર એવાર્ડની જે ૧૯૬૨ના મે મહિનામાં મુંબઈમાં આપવામાં આવ્યા હતા. જેમાં મુખ્ય એવાર્ડ નીચે મુજબ છે. જે નવમો ફિલ્મફેર એવાર્ડ સમારંભ હતો.બેસ્ટ –ફિલ્મ – જિસ દેશ મે ગંગા બેહતિ હૈ ... જેમાં ફિલ્મ ગંગા જમુના અને કાનૂન ને નામાંકિત કરવામાં આવેલ હતા.

બેસ્ટ –અભિનેતા – રાજ કપૂર .. ફિલ્મ –જિસ દેશ મે ગંગા બેહતિ હૈ ..જે એવાર્ડમાં દિલિપ કુમાર ફિલ્મ ગંગા જમુના અને દેવ આનંદ હમદોનો માટે નામાંકિત કર્યા હતા.બેસ્ટ અભિનેત્રી – વૈજયંતી માલા –ફિલ્મ ગંગા જમુના, જેમાં પદ્મિનીને જિસ દેશ મે ગંગા બેહતિ હૈ અને સાયરા બાનુને ફિલ્મ જંગલી માટે નામાંકિત કરાયા હતા.

બેસ્ટ –નિર્દેશક – બી આર ચોપરા .. ફિલ્મ કાનૂન માટે, જેમાં નિતિન બોસ ને ગંગા જમુના અને રઘુ કર્મકરાંને જિસ દેશ મે ગંગા બેહતિ હૈ માટે નામાંકિત કરાયા હતા.

બેસ્ટ સહાયક અભિનેતા – નાના પલસીકર, ફિલ્મ કાનૂન, બેસ્ટ સહાયક અભિનેત્રી – નિરૂપા રોય

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

ફિલ્મ છાયા, બેસ્ટ સંગીતકાર – રવિ , ફિલ્મ ઘરાના, બેસ્ટ કવિ –શાયર. શકીલ બદાયુની ગીત હુસ્ન વાલે તેરા જવાબ નહીં. બેસ્ટ ગાયક મેલ – મહમદ રફી સાહેબ,ગીત .. તેરી પ્યારી પ્યારી સુરત પે કિસી કી નજહર ના લગે, બેસ્ટ ગાયિકા માટેનો એવાર્ડ આ વર્ષે અપાયો ના હતો. બેસ્ટ કહાની – સી વી શ્રીધર, ફિલ્મ નઝરાના .. બેસ્ટ સંવાદ – વજાહત મિર્ઝા , ફિલ્મ ગંગા જમુના, બેસ્ટ એડિટિંગ .. જી જી મા એકર ફિલ્મ .જિસ દેશ મે ગંગા બેહતિ હૈ, બેસ્ટ સિનેમા ઓટોગ્રાફી .. વીબાલા સાહેબ, ફિલ્મ ગંગા જમુના માટે બેસ્ટ આર્ટ – એમ આર ,આચરેકર ફિલ્મ જિસ દેશ મે ગંગા બેહતિ હૈ અને બેસ્ટ સાઉન્ડ.. કુલદીપ સિંગ ફિલ્મ જંગલી માટે એવાર્ડ આપવામાં આવેલ હતા. ગંગા એટલે કે ગંગા જમુના અને જિસ દેશ મે ગંગા બેહતિ હૈ છવાઈ ગયા હતા.

વર્ષ ૧૯૬૨ ની ફિલ્મોની વાત કરતાં પેહલા આ વર્ષે ઘણા નામાંકિત કલાકારો હિન્દી સિનેમામાં પ્રવેશી રહ્યા છે. જેમાંના ઘણા નો પરિચય તેમની ફિલ્મો સાથે કરીશું. પણ અમુક કલાકારો જે આગવી છાપ છોડી ગયા છે. તેમનો અહી ટૂંકમાં ઉલ્લેખ કરીશું.

બિંદુ – બિંદુએ એવી અભિનેત્રી છે. જેને આજ ૭૦ વર્ષના અને ૧૮ વર્ષના દર્શકો ઓળખે છે. બિંદુનો જન્મ તા.૧૭/૪/૧૯૪૧ ના રોજ ગુજરાતના વલસાડ જિલ્લાના નાના ગામ હનુમાન ભગુદામાં થયો. તેમના પિતાનાનું ભાઈ દેસાઈ એક પ્રસિદ્ધ નિર્માતા નિર્દેશક હતા. તેમની માતા જયોત્સ્ના દેસાઈ હતા. જે મોડેલિંગ સાથે સંકળાયેલા હતા. બિંદુને છ ભાઈ બહેનો હતા. જેમાં બિંદુ સૌથી મોટી હતી. નાનુભાઈ તેમના પરિવારને ફિલ્મી દુનિયાથી દૂર રાખતા હતા અને તેમના પરિવારને ફિલ્મો જોવા પર પણ પ્રતિબંધ હતો. પણ બિંદુને નૃત્ય પ્રત્યે બચપણથી પ્રેમ હતો. બિંદુ માત્ર ૧૧ વર્ષની હતી. ત્યારે તેમના પિતાનું નિધન થયું. નાનું ભાઈ બિંદુ પાસે તેમના ભાઈ બહેનો અને માતાની સંભાળનું વચન લેતા ગયા. જે બિંદુએ પોતાના જીવન દરમ્યાન નિભાવ્યું છે. બિંદુ પર ઘરના ખર્ચની જવાબદારી આવી અને તેમણે મોડેલિંગ અને નૃત્ય તરફ કાર્ય ક્ષેત્ર આગળ વધાવ્યુ. તેઓ માત્ર ૧૫ વર્ષના હતા. ત્યારે તેમના પડોશમાં રેહતા યુવાન ચંપક લાલ સાથે પ્રેમ થઈ ગયો. ચંપક લાલએ




સોની પરિવારમાંથી હતા. પણ બન્નેના પ્રેમનો સખત વિરોધ બન્ને પરિવાર તરફથી થયો અને ૧૯૫૯ માં બિંદુ ૧૮ વર્ષના થતાં ચંપક સાથે તેમણે ભાગી જઈ પ્રેમલગ્ન કયા. તેથી ચંપકના પરિવારે ચંપક સાથે સંબંધ તોડી નાખ્યો અને બિંદુ પર તેના ભાઈ બહેનો અને તેના પરિવાર પ્રત્યે પણ જવાબદારી ઊભી થઈ. તેમણે હિન્દી સિનેમામાં લગ્ન કર્યા બાદ તેમના પતિ ચંપક લાલની સમન્તિથી કામ કરવાનો નિર્ણય કર્યો અને ૧૯૫૯ માં ફિલ્મ સંતાનફિલ્મમાં કામ કર્યુ પણ તેમની નોંધ લેવાઈ નહીં. તેમાં તેઓ એક તદ્દણ અભિનેત્રીના સ્વરૂપે બહાર આવ્યા. ૧૯૬૨માં અનપઢ ફિલ્મ દ્વારા એક અભિનેત્રીના રૂપે બહાર આવ્યા. ધર્મેન્દ્ર અને માલા સિંહા સાથેની આ ફિલ્મમાં તેમના કામની પ્રસંસા થઈ. બિંદુ વાસ્તવિક જીવનમાં પણ અભ્યાસમાં પાછળ રહી ગયા હતા. તે માટે તેમની આર્થિક પરિસ્થિતિથી જવાબદાર હતી. બિંદુને સફળતા ૧૯૭૦ના સમયમાં કટી પતંગ અને ફિલ્મ જંજીરથી મળી અને ત્યારબાદ બિંદુએ હિન્દી સિનેમાના મોના ડાર્લીંગ એટલે કે એક ખલનાયિકા બની ગયા. તેઓએ ૧૬૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યુ છે. તેમની અંતિમ ફિલ્મ ૨૦૦૮માં મેહબૂબા હતી. બિંદુને સંતાન નથી. તેઓ ગર્ભવતી થયા બાદ તેમને મિસ ડિલિવરી થયા બાદ તેઓ કદી માતા બની શકયા નથી. તેમના પતિએ તેમને જીવનભર સાથ આપેલ છે. તેમના ભાઈ બહેનોની સંભાળ માટે પણ તેઓ મદદ રૂપ રહ્યા હતા. બિંદુની બહેન જયા સંગીતકાર લક્ષ્મીકાન્તની પત્ની છે. બિંદુના માસિયાઈ ભાઈ બહેનોમાં અઢણા ઈરાની, અદી ઈરાની અને ફિરોઝ ઈરાની સામેલ છે. બિંદુ આજે ૮૩ વર્ષે તેમના પતિ સાથે પુણે શહેરમાં જીવન પસાર કરી રહ્યા છે.


કેસ્ટો મુખર્જી – કેસ્ટો એટલે શરાબી પણ તેઓ વાસ્તવિક જીવનમાં કદી શરાબ પીતાના હતા.પણ હિન્દી સિનેમામાં પ્રવેશ માટે તેઓ મુંબઈ આવ્યા અને બેકારી અને ગરીબીના લીધે શરાબના વ્યસને ચડી ગયા અને તે શરાબે જ તેમને પ્રસિદ્ધિ અપાવી.તેમનો જન્મ તા. ૭/૮/૧૯૨૫ના રોજ કલકત્તા શહેરમાં થયો હતો. તેઓ હિન્દી સિનેમામાં ૧૯૫૨થી જોડાયેલા રહ્યા હતા, પણ એવી નાની ભૂમિકાઓ કરતાં હતા કે તેમનો કોઈ ઉલ્લેખ થતો ના હતો. ૧૯૬૨ માં ફિલ્મ ચાઈના ટાઉનથી તેમને એક ઓળખ મળી. જે તેઓ એ જાળવી રાખી. તેમણે ૧૫૦ થી વધુ ફિલ્મોમાં જેમાં વધુ શરાબીની ભૂમિકામાં કામ કર્યુ હતુ. તેમની અંતિમ ફિલ્મ ૧૯૯૬ની આતંક હતી. જે તેમના નિધનના ૧૪ વર્ષ બાદ પ્રદર્શિત થઈ હતી. તેમના લગ્ન શોભા નામની યુવતી સાથે થયા હતા . તેમના બે પુત્ર હતા. જે પૈકી એક અકસ્માતમાં નિધન પામ્યા હતા અને બબ્લૂ મુખર્જી એ હિન્દી સિનેમામાં કામ કર્યું છે. તેઓ તા.૩/૩/૧૯૮૨ ના રોજ અમર થયા હતા. આગામી અંકમાં ૧૯૬૨ ના નવા કલાકારોના ટૂંકમાં પરિચય સાથે ફિલ્મો સાથેમળીશું.

**– આભાર હિતેશ જોશી .**

# ભોજનનાં સામાન્ય નિયમો

પ્રાણીમાત્રના પ્રાણ અન્ન ઉપર નિર્ભર છે. આહારથી જ દેહ ટકે છે. બળ, આયુષ્ય, તેજ, ઉત્સાહ, સ્મૃતિ, ઓજ, જઠારાગ્નીનું સ્વાસ્થય–આ બધુ આહાર ઉપર નિર્ભર છે. (સુશ્રુત ચી.૨૮–૬૮), ગત સપ્તાહ આપણે ખોરાકનું પાચન કેવી રીતે થાય છે તે અને જઠરાગ્નીની ચર્ચા કરી. આ સપ્તાહે આપણે પાચનશકિત કેવી રીતે વધે તેની ચર્ચા કરીશુ.

આજની ચર્ચા શરૂ કરતા પહેલા મારી પાસે એક ધીરૂભાઈ કરીને આવેલા દર્દીની વાત કરીએ. ધીરૂભાઈ મારી પાસે



**ડો. ભાવેશ કે. મહેતા**

**અમરેલી**

પાચન શકિત વધારવાની દવા લેવા આવ્યા હતા. ધીરૂભાઈએ મને જે ફરિયાદ કરી હતી તે આ પ્રમાણે હતી. પેટ આખો દિવસ ભારે લાગે, ખાટા–તીખા ઓડકાર આવે, ઝાડામાં દર્ગુંધ અને ચિકાશ, શરીરમાં સુસ્તી લાગ્યા કરે, મેં ધીરૂભાઈને તેની દિનચર્યા વિશે પૂછયુ. તે રીયલ એસ્ટેટનું કામકાજ કરતા હતા.સવારે ૯:૦૦ વાગ્યે ઉઠવાનુ.ઉઠીને નાસ્તો કરવાનો, નાસ્તો ભરપેટ કરવાનો અને હા ગાઠિયા થોડા રોજ જોવે, માવા અને ચાનું વ્યસન બપોરે જમવાના કાઈ ઠેકાણા નહી, મેળ આવે તો જમે નહિ તો કોઈપણ નાસ્તો (સમોસા, ભજીયા, વડાપાઉં વી.) કરી લેવાનો અને રાત્રે ઘરે ૧૦ પછી ભરપેટ જમવાનું

મેં ધીરૂભાઈને કહ્યુ બપોરે ઘરે જઈ થોડુ જમી લેવુ જોઈએ અને સાંજે વહેલા(૮–પહેલા) અને ઓછુ જમવાની તમારે ટેવ પાડવી જોઈએ. ધીરૂભાઈ મને કહે સાહેબ અમારા ધંધા

માં ટાઈમના કાઈ ઠેકાણા નો હોય સાહેબ એવી દવા આપો કે ગમે તે અને ગમે ત્યારે ખાઈએ એ પરથી જાય.મિત્રો ધીરૂભાઈની વાત ઉપરથી એક વાત આપણે સમજી લેવાની જરૂર છે. સમયનાં આયોજન ના અભાવ ને લીધે જ આપણે આપથી દિનચર્યા (આહાર, નિંદ્રા, કસરત) અસ્તવ્યસ્ત કરી નાખતા હોઈએ છીએ અને જેને લીધે આપણને મોટાભાગની શારીરિક –માનસિક તકલીફો થતી હોય છે.

મિત્રો હકીકતમાં પાચન શકિત વધારવાની કોઈ દવાઓ આવતી જ નથી. સારી પાચનશકિત સ્વસ્થ દિનચર્યા ને આધિન છે. આગાઉ ના લેખોમાં આપણે દિનચર્યાની ચર્ચા કરી ચુકયા છીએ. તેથી અહીથી ફરીથી તેની ચર્ચા નહી કરીએ.

પાચન બરોબર થાય તેના માટે આપણે શું–શું ધ્યાન રાખવુ તે જોઈએ.

માપસર જમવુઃ– માપસર નો આહાર વાયુ.પિત અને કફને કોપાવતો નથી. તે ઉપરાંત આયુષ્યનને વધારે છે.

ખોરાક બરાબર પચીને મળ સહેલાઈથી ગુદા માર્ગે બહાર નીકળી જય છે. શરીરની ગરમી કે જઠાગ્નિનો નાશ કરતો નથી. આયુર્વેદમાં હોજરીના ચાર ભાગ કરવાના કહ્યા છે. જેમાં બે ભાગ ઠોસ આહારથી, એક ભાગ પ્રવાહી આહારથી અને એક ભાગ વાયુ, પિત અને કફ માટે ખાલી રાખવાનું કહ્યુ છે. મતલબ કે ભુખથી થોડુ ઓછુ ખાવુ જોઈએ. માત્રાયુકત આહારના લક્ષણોઃ– જેટલો ખોરાક ખાવાથી હોજરી ઉપર દબાણ ન પડે, હૃદયની ગતિમાં રૂકાવટ પેદા ના થાય, પડખા ચીરાતા હોય તેની વેદના ન થાય, પેટ ભારે ન લાગે, મન તથા ઈન્દ્રિયો પ્રસન્ન રહે, ભુખ અને તરસ શાંત થાય બેસવુ, સુવુ, ચાલવુ, શ્વાસ–પ્રસ્વાસ, હસવુ તથા વાતચીત વગેરે કરવામાં અનુકુળ તા રહે. સાવરે ખાધેલુ સાંજે અને સાંજે ખાધેલુ સવારે બરાબર પચી જાય તથા બળ, વર્ણ અને શરીર વધે, તેને માત્રાયુકત ખોરાક કહેવાય.

કેવો ખોરાક લેવોઃ–મિત્રો લોકો અમને કાચુ કેટલુ ખાવુ તેના વિશે ખુબ પૂછપરછ કરતા હોય છે. ઘણા લોકો એવુ કરતા હોય છે. ફકત કાચુ જ ખાવાનો આગ્રહ રાખતા હોય છે. જે બાબતે ખુબ મતમતાંતરો છે. આ બાબતે લગભગ વર્ષ–૨૦૦૪ની આસપાસમેં આયુર્વેદના ભીષ્મ એવા સી.પી.શુકલ સાહેબને મેં પૂછેલુ કે કાચુ જ ખાવુ જોઈએ તેનો જવાબ હતો કે આપણે ઉત્ક્રાંતિવાદથી ધીમે–ધીમે પશુમાંથી મનુષ્ય થયા છીએ. પશુઓને બે હોજરી હોય છે.એટલે પહેલી હોજરીમાં કાચો ખોરાક પડયો રહે, પછી બેઠા–બેઠા ખોરાકને વાગોળે અને ખોરાકનું પાચન થાય પણ મનુષ્યોમાં એક જ હોજરી હોવાથી બધુ જ કાચુ ખાવાનું પચશે નહી અને વળી સાવ કાચો અને ફિક્કો ખોરાક (ગંધ, સ્વાદ અને દેખાવ વગરનો ખોરાક) અરુચિ પણ ઉત્પન્ન કરશે, મિત્રો આપણે જોયુ છે ગરમ, સુગંધી અને મનગમતો ખોરાક જોઈને આપણે ભુખ ખુબ ઉઘડે છે. આવ ખોરાકથી આપણ લાળ ગ્રંથી સક્રિય બનેછે. એટલે જ ભારતીય ભોજનમાં અથાણાનું ખુબ મહત્વ છે. અથાણાને સંસ્કૃતમાં વ્યંજન કહેવામાં આવે છ. આ ખાટા,ખારા, તીખા રસવાળા અથાણા ને જોઈએ મોઢામાં પાણી આવી જાય છે.( લાળ ગ્રંથીમાંથી ટાયલીન પાચક રસનો સ્ત્રાવ થાય છે.) આપણે હંમેશા મધ્ય રસ્તો પસંદ કરવો જોઈએ. એટલે ફકત કાચુ એકલુ ના ખાવુ કે બધુ જ રાંધેલુ ન ખાવુ, ખોરાકમાં બધુ જ લેવુ પણ માપ લેવુ.

–ખોરાક બરાબર પચી ગયા બાદ ખાવુ જોઈએ. પ્રથમ લીધેલો ખોરાક જયા સુધી બરાબર પચી ન જાય ત્યાં સુધી ફરીથી જમવુ ન જોઈએ.

– ખોરાક બરાબર પચી જવાના ચિહનોઃ શરીર હલકુ લાગે, ઝાડ, પેશાબનો બરાબર ખુલાસો રહે, જઠરાગ્નિ પ્રદીપ્ત લાગે. જો પેટમાં ગડગડાટ થતો હોય, દુર્ગંધ વાછૂટ થતો હોય, ઓડકાર આવતા હોય, શરીર ભારેખમ લાગતુ હોય તો ઈન ખાવુ.

– આપણને જે ખોરાક માફક આવતો હોય તે જ ખાવો. બીજો ખોરાક ચાહે તેટલો ગુણસંપન્ન હોય પણ ને આપણી પ્રકૃતિને માફક ન આવતો હોય તો ન ખાવો જોઈએ. કેટલાકને દૂધ માફક નથી આવતુ. તો કેટલાકને દહી માફક નથી આવતુ, કેટલાકને આમલીની ખટાશ માફક નથી આવતી, કેટલાકને ભાત માફક નથી આવતો, કેટલાકને બાજરી જ માફક આવે છે. આમ ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા મનુષ્યોને ભિન્ન ભિન્ન વસ્તુ માફક આવે છે.– ભોજન પહેલા આદુની કચુંબર અને સિંધાલુણ ખાવુ હિતાવહ છે. આથી જઠારાગ્નિ પ્રદીપ્ત થાય છે. જીહા અને કંઠ શુધ્ધ થાય છે.

તથા ભોજનમાં રૂચિ વધે છે.– ગરમ અને સ્નિગ્ક ભોજન લેવુઃ– સાધારણ ગરમ ખાવુ જોઈએ, કારણ કે ગરમ ખોરાક જ સ્વા દ આપે છે. જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. જલ્દીથી પચે છે. વાયુનુ અનુલોમન કરે છે અને કફને ઓછો કરે છે. પરંતુ રસોઈને ફરીથી ગરમ ન કરવી. સ્નેહયુકત એટલે ઘી–તેલવાળો ખોરાક લેવો જોઈએ. માપસર ઘી કે તેલવાળો ખોરાક સ્વાદ આપે છે. અગ્નિ ઘી હોમવાથી અગ્નિ વધુ પ્રજવલિત થાયછે. તેમ જઠરાગ્નિ પણ આવા સ્નિગ્ધ આહારથી પ્રજવલિત થાય છે. જલ્દી પચે છે. વાયુનુ અનુલોમન કરે છે. શરીરનાં બાંધાને મજબૂત કરે છે.

બહુ ઉતાવળે જમવુ નહિ અને મન ચિંતાગ્રસ્ત હોય ત્યારે જમવુ નહિ.:– મિત્રો આપણે અગાઉ જોયુ તેમ ખોરાક મોઢામાં જાય ત્યાં લાળ ગ્રંથીમાંથી પાચકરસો ભળે છે. ખોરાક નિરાતે ચાવી–ચાવી ખાવાથી લાળ ગ્રંથી વધુ સક્રિય થશે અને ખોરાક સાવ નાના કણમાં ફેરવાશે જેથી પાચન વધુ સરળ બનશે. મન તનાવગ્રસ્ત હોય ત્યારે આપણા અંતસ્ત્ર ગ્રંથિઓ બરાબર સક્રિય નથી હોતી તેવે વખતે ભોજન લેવામાં આવશે તો પાચકરસો બરાબર નહી ભળે જેને લીધે ખોરાક યોગ્ય રીતે પાચન નહી થાય.

તેને બદલે મન પ્રસન્ન હોય ત્યારે, પોતાને મનગમતી જગ્યાએ, મનગમતો ખોરાક (શરીર માટે હિતકારક) જમવો જોઈએ. અણગમતી જગ્યાએ કે અણગમતો ખોરાક ખાવાથી મનમાં ક્ષોભ, સંતાપ કે ઉદ્વેગ થાય છે. તેથી ખોરાકનું બરાબર પાચન થતુ નથી.– આહારમાં જુદા–જુદા ખાદ્ય પદાર્થો હોવા જોઈએ જેમા પ્રોટીન, ફેટ, કાર્બો હોઈડ્રેટ, ખનીજ ક્ષારો અને વિટામીન યોગ્ય માત્રામાં હોય તે રીતે ખોરાક લેવો જોઈએ. હંમેશા એક ને એક જાતનો ખોરાક લીધા કરતા ભિન્ન ભિન્ન જાતનો ખોરાક લેવાય તે સ્વાસ્થય માટે હિતાવહ છે.

# ''માણસાઈ''

માણસા, માનવતા, માનવધર્મ કે ઈન્સાનિયત શબ્દ ખૂબ વિશાળપટ પર પથરાયેલો શબ્દ છે. માનવતાની આશા હંમેશા માનસ પાસે જ રખાતી હોય છે. કોઈ કાગડા કુતરા બિલાડી ની પાસે માનવતાની આશા રાખી શકે ખઢં? તો પછી શા માટે આપણે માણસને માણસ બનવા કહેવું પડતું હશે? કોઈ કે લેખકએ ખૂબ સુંદર કહ્યું છે કે, ''હું માનવી માનવ થાવ તો ઘણું..'' મનુષ્યતાની આશા તો માણસ પાસે જ રાખવીપડે. કયારેક આપણને પ્રશ્ન થાય છે માનવીયતા માણસાઈ કે ઈન્સાનિયત એટલે શું? માનવધર્મ કે વ્યક્તિધર્મ, માનવતાનાં મૂલ્યો કેવા હોય શકે? શું માણસાઈનાં અમુક ચોક્કસ મૂલ્યો હોય શકે? તો આ પ્રશ્નનો જવાબ મધ્યકાલીન યુગના આદિ કવિ નરસિંહ મહેતાએ તેમની ''વૈષ્ણવજન'' કવિતામાં વૈષ્ણવજન કે માનવધર્મના લક્ષણો આપણને સમજાવ્યા છે.

''વૈષ્ણવજન તો તેને રે કહીયે, જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,

**વિસામો**

**વૃંદા ચિંતન મહેતા**

**રાજુલા**



વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.
મોહ માયા વ્યાપે નહિ જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે,
વણલોભીને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે.

આ ઉપરાંત પણ વિદ્યાનો દ્વારા માણસને મુખ્ય પાંચ લક્ષણો કહેવામાં આવ્યા છે.(૧) જે વ્યક્તિ બીજા દુઃખથી દ્રવિત થાય (૨) અન્યને કષ્ટ ના આપે.(૩) છે અન્ય સાથે અન્યાય થતો હોય તો આગળ આવીને તેને મદદરૂપ થાય, મદદ માંગનારની રાહ ના જોવે.(૪) સર્વ લોકો પ્રત્યે સન્માનની લાગણી રાખે.(૫) અન્ય પ્રત્યે ઉંચ–નીચ, નાનાં–મોટા કે અમીર ગરીબનો ભાવનાં રાખે.

માનવતાને સમજાવવા માટે એક સુંદર ઐતિહાસિક સત્ય ઘટનાનું ઉદાહરણ આપું તો.., '' એક વખત ગાંધીજી તથા તેમના સચિવ મહાદેવભાઈ સાથે રેલવેની મુસાફરી કરી રહ્યા હતા. તે સમયમાં આજની ટ્રેન જેવા આધુનિક પંખા અને એ.સી. નાં હતા.ગાંધીજી સફરથી થાકેલા આરામ કરવા સુતા હતા અને મહાદેવભાઈ સેવા ભાવથી ગાંધીજીને હાથપંખાથી હવા નાખી રહ્યા હતા.યાત્રાથી થાકેલા ગાંધીજીને ઊંઘ આવી ગઈ અને હાથપંખો કરતા મહાદેવભાઈને પણ મીઠી ઊંઘ આવી ગઈ. થોડા સમય પછી જયારે મહાદેવભાઈની ઊંઘ ખુલી ત્યારે તેઓ જોવે છે કે, ગાંધીજી તેમને પંખો કરતા હતા મહાદેવ ભાઈને ખૂબ વેદના થઈ તેમને કહ્યું ''આ શું કરો છો બાપુ? ''ત્યારે ગાંધીબાપુએ કહેલું, કે'' મારે જેટલાં આરામ અને ઊંઘની જરૂર, તેટલી જ જરૂર આપને પણ છે. સુખ અને શાંતિ પર બધાનો જ સમાન અધિકાર હોવો જોઈએ. તેમાં ભેદભાવ નાં ચાલે. ''આ છે મનુષ્યતા કે માણસા ઈ.જેમાં વ્યક્તિ પોતાની પદપ્રતિષ્ઠાનું અભિમાન ત્યાગીને પોતાનાથી નાનાં અને પોતાની સાથે રેહનારા લોકોને બરાબર સમ્માન આપે અને તેની કિંમત કરે. આ છે મનુષ્યતાનું શ્રેષ્ઠ ઉદાહરણ

* તું કેરવ તું પાંડવ મનવા, તું હી રાવણ તું રામ
હૈયાના આ કુઢક્ષેત્ર પર,પળ પળના સંગ્રામ.'' @સુરેશ દલાલકવિ સુરેશ દલાલનીઆ પંક્તિઓ આજના સમયમાં સાર્થક છે.માણસાઈ એટલે નિઃસ્વાર્થ ભાવે કરેલું સદકાર્ય.અનેક મનોમંથન બાદ છેવટે આત્માનો અવાજ સાંભળી માનવી જે કાર્ય કરે કે તેમાં સહભાગી થાય એ માણસાઈ.

હૃદયમાં રામનો ભાવ જાગૃત રાખી આપણે નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરીએ,બીજાને અન્યાય ન કરીએ, મુશ્કેલીમાં કોઈને મદદ કરીએ, બીજાનું અહિત ન કરીએ. તો મારી દ્રષ્ટિએ માણસાઈ જ છે. કોઈનુ દિલ દુભાય એવું કાર્ય તો કદી ન કરવું જોઈએ. ''માણસાઈ મરી પરવારી છે' એવું કહેવાય છે. તે છતાં હજુ પણ કેટલાંય હૃદયમાં, રણમાં જોવા મળતી મીઠી વીરડી સમાન માણસાઈ ધબકે છે. સ્વાર્થનાં વિસ્તરતા રણ અટકાવી લાગણીને પ્રેમનાં વૃક્ષો વાવવાની જરૂર છે દોસ્તો.માણસાઈ ઉપર કોઈ એક ધર્મ, જાતી, સમાજ કે વ્યક્નિો ઈજારો નથી.માનવીના ઉમદા વિચાર,વાણી, વર્તન અને વ્યવહાર થકી માણસાઈ ઉજળી દેખાય છે.

# રામચન્દ્ર ગુણ બરણન લાગે, સુનતહિ સીતાકર દુઃખ ભાગે


જાઉ ? ત્રીજીવાર કહ્યુ, " મૈં તુમ્હે નાગપુરસે બહુત જલ્દી બૂલા લેતા હૂં તુમ વહા ચલી જાવ." છેવટે અલ્હાબાદ ઉતરી ગઈ. ત્યાંથી પાસે પૂરતો પૈસા ન હોવાથી પેસેન્જર ગાડીની ટિકીટ મળી શકે તેટલા પૈસા હતા. તેથી બે દિવસે નાગપુર પહોંચી ત્યાં પણ બધાને નવાઈ લાગી. હું રડી પડી. તેમણે જયપુર ખબર આપ્યા અને ખરેખર ત્રણ ચાર દિવસમાં ભગવાને ભોપાલ બોલાવી.

**કૃપા વારિધર રામ ખરારી:** નાગરપુરથી જરૂરી કપડા બિસ્તર લઈ સવારે આઠ વાગે નીકળી. રાત્રે આઠ વાગે ભોપાલ પહોંચી. સાથે નાસ્તો હતો પરંતુ ચરણામૃત લીધા વિના પાણી પણ પીવાનું ન હતુ. ભોપાલ પહોંચતા જાણવા મળ્યુ. હમણા થોડીવાર પહેલા જ ભગવાન ત્રણચાર દિવસ માટે વિદિશા પધાર્યા છે. ભગવાનને ધરાવવા માટે સાથે આપેલ બે ડઝન કેરી ત્યાં ધરાવી દીધી અને બાજુના રૂમમાં બહેનો સાથે ગોઠવાઈ ગઈ. હું પહોંચી ત્યારે મારી સામે એક ગાડી ભગવાનને ચાવી પહોંચાડવા જતી હતી. પરંતુ તેઓ મને શા માટે આ જાણ થવા દે ? એ તો પછી ખબર પડી ત્યારે દુઃખમાં દુઃખ વધતા કોઈને દોષ દેવા કરતા મારા પ્રારબ્ધનો વિચાર કરી પથારીમાં રડતી બેઠી હતી. મનોમન પ્રાર્થના કરતી હતી, હે અંતર્યામી પ્રભુ ! આપને મુઝે ભોપાલ બુલાઈ. કયા નહી જાનતે થે કિ મૈં આ રહી હૂ. ફિર ભી ચલે ગયે ? ઔર તીન ચાર દિનકે બાદ દર્શન આસાન નહી હૈ. ભલે તીન ચાર દિનકે ઉપવાસ બાદ મિલના પરંતુ ભગવાન આપકી કૈસી અટપટી લીલા હૈ અનજાન હોકર ચલે ગયે તો ફિર ટ્રેનમે ભી કયો પ્રગટ હુયે ? આમ અનેક રીતે ભગવાન સાથે મારો ઝગડો ચાલતો તો. આ હૃદની વાતો બીજુ સમજી પણ કોણ શકે? આમેય દુનિયાને કંઈ કહેવાનો શું અર્થ એ તો ઉલ્ટા રાજી થાય.

રામકાજ સબ કરિહહુ, તુમ બલ બુદ્ધિ નિધાન.

ભણવામાં હોશિયાર ભાઈ થોડા જુદી રીતે તૈયાર થતો હોવાથી નાપાસ થયો અને એ પોતાની મનમાની ઈચ્છાઓની પૂર્તિ માટે થોડા અસત્ય આચરણ તરફ પણ વળેલો. કોલેજના વાતાવરણથી રંગાઈને ઈંડા, આમલેટ ઘરમાં લાવવાનું તેણે ચાલુ કર્યુ. તેને સમજાવતો કહેતો, મને પોષણ શેમાંથી મળે? પરંતુ ભગવાન હંમેશા કહેતા, " જિતની અડેમે તાકત હૈ ઉતની દૂધમે હૈ ઔર ઉસસે દસ ગુની તાકત ઉડદકી દાલને ઔર સો ગુની તાકત રબડી મે હૈ" મારે બાપુજીને વાત કહેવી પડતી. દિન પ્રતિદિન વિરોધ વધતા હું તેની ઈચ્છાઓની પૂર્તિં માટે આડી આવતી લાગતી. ધીરે ધીરે બાને પણ મારા તરફ અણગમો વધવા લાગ્યો. ગમે તેટલી ત્યાગ ભાવનાથી સૌના હિત માટે કાર્ય કરતી તેનુ પરિણામ ઉલ્ટુ આવતુ હતુ. બાને પૈસા બાબતે પૂર્ણ અસંતોષ હતો અને આ ભાઈ દ્વારા હવે થોડા સમયમાં તમને પૂર્ણ સંતોષ આપીશ તે બાબતનું આશ્વાસન મળતા હવે બાને પણ મારી હાજરી ખટકતી હતી.

# અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)


ગમે તેવુ મારા પ્રત્યેનું વર્તન નજરે જોવા છતા તેઓ લાલચવશાત સ્વાર્થના પરદાથી સત્યનો પક્ષ લઈ શકતા નહી. છેલ્લે જયાર ભગવાન ઈંદોર પધાર્યા તે ખબર મળતા મે ઈંદોર આવાવ બાબત પૂછાવ્યુ તો જવાબ આપ્યો. ઈંદોર પ્રિય રમા સાદર, શરીર ગલ ચુકા હૈ ઔર બેચેની રહતી હૈ ભોગ તો ભોગના હી પડતા હૈ ન સબકો આસીસ યહા તા. ૭ તક હૂં આરામ લેતા હૂં કોઈને મિલતા નહી હૂં. રણછોડદાસ આવો જવાબ મળતા ન જવુ યોગ્ય લાગ્યુ કારણ ભગવાન મળે નહી તો જવાનો શો અર્થ ? આવા પ્રસંગોથી ફરી નોકરી માટે ઈચ્છાઓ વધતી. એમ થતુ કે હુ મારા પૂરતુ મેળવી શકીશ અને એક જુદુ મકાન લઈ મારુ જીવન ભજનમાં વિતાવીશ. આજ સુધીમાં ભગવાન જે કાંઈ કહેતા, લખતા હતા તે બધા શબ્દો એક પછી એક પ્રયોગાત્મક બનતા જતા હતા. પરતું નોકરી વિશે ભગવાનની સંપતિ હતી નહી. તેમની પાસે પણ ભગવાનનો અભિપ્રાય સારો ન હતો. તો હવે શુ કરુ ? તે વિચાર ખૂબ જ સતાવતો હતો.બિહારમાં ભગવાને " રામધામ ટ્રસ્ટ" પુષ્કરની સ્થાપ્ના કરેલી અને તે વખતે મને બોલાવી જે કંઈ કહેલુ તે શબ્દો આ સમયે કાનમાં ગંજવા લાગ્યા.૧૯૬૬માં ભગવાન પુષ્કર પધારેલા ત્યારે "રામધામ" નામ અપાયેલુ. ત્યા કામ ચાલુ થઈ ગયેલ. તે જોવા માટે મને મોકલતા, ભગવાન બોલેલા, "રમા, જાવ દેખકર આવુ તુમારે રહનેકે લિયે બ્લોક બન રહા હૈ" આજ્ઞા પ્રમાણે જોઈ આવેલી. પાયો ખોદાતો હતો તેના મને શું ખબર પડે? જોઈને આવી ત્યારે કહ્યુ, "દેખકર આઈ? તુમ વહા રહના." પોતે તો ભવિષ્ય જાણતા હતા. હું કઈ બોલી નહી. પરંતુ મનમાં થયુ આ જંગલમાં હું કયા રહેવા આવવાની હતી. ૧૯૬૭માં મને બોલાવીને કહ્યુ, "દેખો રમા, અબ રામધામ ટ્રસ્ટ બન ગયા હૈ, તુમ પુષ્કર રહને જાવ તો સાવધાન રહના. તુમ વહા કે લોગોં કે સ્વભાવસે અપરિચિત હો. કભી ભી રામકુટિમે જાના નહી ઔર કિસી કામસે જાવ તો વહાકા પાની ભી પીના નહી. નહી તો તુમ્હે મીઠા મીઠા બોલકર ઔર પ્રસાદ વિગેરે કુછ દેકર વો ફસી લેગી. ધીરે ધીરે થોડા કામ બતાએગી. તુમસ કોચવશ મના નહી કરી સકોગી. ઐસે કરતે કરતે ધીરે ધીરે તુમકો ગુલામ બનાકર રખેગે. તુમ ભોલી હો ફસ જાઓગી ઔર તુમારી દશા કસ્તુરીમાં જૈસી હો જાયેગી તુમ પહલેસે કડક રહના કુછ કામ બતાવે તો કહ દેના મેરા નિયમ બાકી હૈ. તુમસે હો સકે જિતના રામ રામ કરના નહી તો કમરા બંધ કરકે પડી રહના. તુમ ઉસકા કામ નહી કરોગી તો જયાદાસે જયાદા કયા વહ તુમારી બદનામી કરેગી ઔર ભવિષ્યમ ફિર ભી અનૂકુલ ન પડે તો પુષ્કર છોડ દેના. ડુકરીયા પુરાણમે પડતા નહી ઔર ઉસસે ભી સાવધાન રહના. જરૂર પૂરતા કામકા સંબંધ રખના. વરના ઉસકા રામ રામ તેહિ સુમિરણ કીન્હા, હૃદય હર્ષકપિ સજ્જન ચીન્હા. સ્વભાવ ઐસા હૈ જીવન મિલેગા ઉધર હલ જાયેગી. સત્યાસત્યકા વિચાર નહી કર પાયેગી."

ત્યારબાદપણ એક દિવસ કહેલુ, "દેખો રમા, તુમ પુષ્કર રહને ચલી જાના. અબ ઘરમે રહેના ઠીક નહી હૈ." આવુ બોલ્યા ત્યારે શુ કહેવા માંગે છે તે સમજી નહી, મૈંકહ્યુ, "ભગવાન, બા કામ કરી શકતા નથી. તેમની સેવા માટે એક ભાભી જયપુર આવી જાય પછી હુ પુષ્કર રહેવા જઈશ." ત્યારે કહેલુ, "ઠીક હૈ તુમ્હારી મરજી" ત્યાર પછી ધરીભાઈનાં લગ્ન થયા અને ભાભી પણ ધીરૂભાઈની નોકરી નાગપુરમાં હોવાથી ત્યાં રહેવા ગયા. ત્રીજા નંબરના ભાભી વિશે તો હુ અજાણી રહી પરંતુ ભગવાન તો જાણતા હતા કે કોણ આવશે અને કયા રહેશે? જયારે ભગવાનના શબ્દો ન માનતા આપણી બુધ્ધિ દોડવવા જઈએ ત્યારે જ માર ખાવો પડે છે તેથી જ ભગવાન. આ પ્રસંગે ઉભો કર્યો હશે કે સીધી રીતે નહી તો હવે આડી રીતે ઘર છોડવુ પડશે.

ભગવાનના કહ્યા પ્રમાણે હવે મારે ઘર છોડવાના દિવસો આવ્યા. થોડી કઠોર કૃપા કરીને પણ ઘર છોડાવ્યુ. વારંવાર ઘરમાંથી જાકારો મળતો અને તેમા બાપુજી સિવાય સૌનો સાથ જણાનો જોઈ ઘેરથી નિકળી ગઈ. ભગવાને પોતાની પાસે એક રીતે ના લખી તેથી હવે કયા જવુ તે સમજાતુ ન હતુ. ભગવાન ભરોસે જયપુરથી બનારસ જવા નીકળી ગયેલી. ત્યાં એક જગ્યાએ બે દિવસ રોકાઈને આગળ કાનપુર જવા માટે રવાના થઈ. જો કે કાનપુર જવુ નહોતુ પરંતુ ન છુટકે તે ગાડીમાં બેસવુ પડેલુ. મહિલા ઓના ડબ્બામાં બેઠી હતી.

ટ્રેન ઉપડતા આંખો બંધ કરી ઉડા વિચારોમાં ડૂબેલી હતી શુ કરવુ? કયા જવુ? કંઈ સમજાતુ ન હતુ તેટલામા એકદમ ભગવાનનો અવાજ આવ્યો, " મૈં કહેતા હુ કી નાગપુર ચલી જાવ." આંખ ખોલી તો સામે ભગવાન સ્વયં ઉભા હતા. ખૂબ જ આશ્ચર્ય !!! હજી તો વિચાર કરુ છું કે ચાલુ ટ્રેનમાં બહેનોના ડબ્બામાં ભગવાન શી રીતે આવ્યા? ત્યાં તો બીજીવાર કહ્યુ, "મેરા કહના માનો નાગપુર ચલી જા."મૈં કહ્યુ, " ભગવાન, આ રીતે હું ત્યાં નહી જાઉ" કારણ પાસે કપડા વિગેરે કંઈ જ સામાન હતો નહી.' પહેરેલા કપડા પણ સાવ જૂના હતા. હું શી રીતે,.....

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૦૩૫૨ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા



જેમાં મોક્ષની પ્રાપ્તિ થાય તે ગીતનું આચરણ તે ધર્મ છે. મનુસ્મૃતિમાં ધર્મનાં દસ લક્ષણો લખ્યા છે. ધૃતિ તથા દષો અસ્તેય શૌચમિન્દ્રિયનિગ્રહ : ધીર્વિયા સત્યમક્રોધો દચકં ધર્મલક્ષણમ (મનુસ્મૃતિ, ૬, ૧૨) અર્થ : ધૃતિક ધૈર્ય ધારણ કરવુ. તથા અર્થાત માફી આપવી. દમ-મનને સંયમમાં રાખવુ. અસ્તેયઃ કોઈનું લેવુ નહિ-ચોરી ન કરવી. શૌચ -શરીર- મન પવિત્ર રાખવા. ઈન્દ્રિયોને નિગ્રહજ્ઞાનથી મનનાં સંકલ્પથી ઈન્દ્રિયોને અનુશાસનમાં રાખવી. ધી-જ્ઞાનમાં વધારો કરવો. વિદ્યા-જ્ઞાનની પ્રાપ્તિ કરવી. સત્ય-મન, વચન, કર્મથી સત્યનું પાલન કરવુ અને અક્રોધ – મનને શાંત રાખવુ. આ બધા ગુણોને ધારણ કરે, આચરે તે ધર્મ છે.

આપણે સૌ આપણી રીતે ધર્મનો અર્થ કરીએ છીએ. દ્રષ્યંતા : એક કોર્ટ ખૂન-કેશ ચાલતો હતો. હત્યાની સાક્ષી બનેલા બે માણસો એ નિવેદનમાં એકે કહ્યુ, ખૂન થયુ ત્યારે હું હાજર હતો. આકાશમાં તારા હતા. મેં ખૂન થતા જોયુ છે. બીજા આંખે જોનારા સાક્ષીએ કહ્યુ, હત્યા ઘરમાં થઈ છે. દરવાજા પાસે ત્યાં દીવાલ ઉપર લોહીના ડાઘ છે. ત્યારે હું દીવાલની પાછળ લપાઈને જોઈ રહ્યો હતો.

ન્યાયધીશે કહ્યુ, તમે બીજા હત્યારાને નજરે જોનારા છો તો આ સત્ય કેમ હોઈ શકે? એક વ્યકિત ખોટુ બોલી રહ્યો છે. પીંજરામાં જેને ખૂન કર્યુ હતુ તે નીચુ જોઈ ગયો ન્યાયધીશે ખૂન કરનાર ને પૂછયુ – ખરેખર સાચી વાત કહે – ત્યારે ખુની એ કહ્યુ : બંને સાચા છે. મકાન ઉપર છાપર ન હતુ. સ્લેબ બાકી હતો ઉપર તારા જોઈ શકતા હતા. ખૂન દીવાલ પાસે મે કર્યુ છે. દીવાલ ચણાઈ ગઈ હતી. આ બંને સાચુ કહે છે.જીંદગી આવી છે. જેને જે જે નજરે જોય તુ સત્ય લાગે છે. પરંતુ અંતિમ સત્ય જાણવા મારટે મન – હૃદય સ્વચ્છ પવિત્ર હોવા જોઈએ. સત્ય જાણવા વાળા અંધવિશ્વાસમાં ન હોવા જોઈએ. મૃત્યુનો ભય દૂર કરવા. આત્માને ઓળખવા પ્રયત્ન કરવાનો છે. આ માટે તો ધર્મશાસ્ત્રોના શરણમાં જવુ પડે છે. જેને આ જ્ઞાન પમાવ્યુ છે. તે સુખમાં કે દુઃખમાં મનની સ્થિતિને સમતોલ રાખી શકે છે. તે જાણે છે કે "ચક્ર ફરે રાખે છે. અંગ્રેજીમાં કહેવત છે. ' 'ધીસ ટુ વીલ પાસ" આ પણ પસાર થશે. દુઃખ હશે તો તે થયેલા જીંદગીથી નાસીપાસ થયેલા આવા દ્રષ્ટાંતો દ્વારા મનને સમજાવુ જોઈએ. હમણા એક સત્ય પ્રસંગ વાંચ્યો ઈ.સ.૧૯૩૦-૫૦ સુધી ખૂબ સફળતા મળી. ખૂબ કમાયા જમાનામાં ત્રણ લાખ રૂપિયા હારી ગયા. ચંદુભાઈએ સાધારણ ઠપકો આપીને રકમ ચૂકવી દીધી. પરંતુ ભાગ્ય ચક્ર કેવુ કરે છે. આ બાહોશ અને ડાહી વ્યકિત સટામાં કરોડ રૂપિયા હારી ગયા. રમજિત સ્ટુડિયો અને ઘર અન્ય સંપતિ વેચીને બધાને પૈસા આપી દીધા. તેમની પત્ની ગૌહરબાને ખૂબ સાથ આપ્યો. હિંમત આપી. સંગત મિત્રોએ સાથ આપ્યો. નોકરોએ પણ કહ્યુ એમને પગાર નહિ આપશો તો ચાલશે.તમને પૈસા મળે ત્યારે આપજો આમ છતા ગમે તેમ કરીને બધાને હિસાબ ચૂકતે કર્યો. વ્યકિતનો સુંદર સ્વભાવ અને મિત્રોને કારણે ટકી ગયા આજે આવી સ્થિતિ થતા માણસો આપઘાત કરવા છોડી જાય છે. તેવા વ્યકિતઓ આવી પ્રેરણાત્મક કથાઓ વાંચવી જોઈએ. દુનિયામાં કોઈ સ્થિર નથી.આ ચંદુભાઈને બેસ્ટ બસમાં જવાનું થયુ અને બસમાં ચડતા કંડકટરે કહેલુ : "બુઢો દેખાતો નહિ હૈ? બસ પૂરી ભર ગઈ હૈ. ચલ ઉતર" સમય બળ વાન છે. અર્જુનને કાબા લોકોએ લૂંટી લીધો હતો. મહાભારતમાં આ માટે પ્રેરણની દીવાદાંડી છે. જીવનના હરપ્રસંગે આપણને પ્રકાશનો માર્ગ બતાવે છે.હાર નહિ,ભાગ નહિ, હિંમત રાખ, પ્રભુ તારી સાથે છે. અચલ વિશ્વાસથી ચાલતો રહે. પ્રત્યેક છે. આપણુ શરીર બદલાય રહ્યુ છે. દસ વરસ પહેલાનો રામાયણમાં રામ ભગવાન વાલીની પત્નીને સમજાવે છે કે, જે જગત દેખાય છે. તે બ્રહ્મનું મોજુ છે. પરંતુ તે બ્રહ્મનું મોજુ છે. પરંતુ તે બ્રહ્મ નથી. જગતના હોય તો પણ બ્રહ્મે હોય. બ્રમે સિવાય જગતમાં જગત હોઈ શકે નહિ.

# "સમજણ એ જ નારાયણ"

**"કયાંથી હવાય પામી શકે પાર શબ્દનો, ટહોળો છે, આભ જેટલો વિસ્તાર શબ્દનો."– મનોજ ખંડેરિયા**



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

અગાઉ ઘણી વખત લખ્યુ છે. એ જ વાત ફરીથી દોહરાવીશ કે : 'શબ્દ એ બ્રહ્મ છે? શબ્દનાં અપાર તાકાત અને સામાર્થ્ય સમાયેલુ હોય છે. એકાંદ શબ્દ કે વાકય મહાભારતનાં યુધ્ધનું નિર્માણ કરવાની શકિત ધરાવતુ હોય છે.. તો એકાદ શબ્દ માણસનાં જીવનને, તેની દિશાને બદલી નાખવાની ક્ષમતા પણ ધરાવે છે. એકાદ-બે શબ્દો, વાકયોથી માણસ જીવનભર કોઈની સાથે અબોલા લઈ લેતો હોય છે. તો દરેક બાબતે પાછો પડેલો, ભાંગી પડેલો, નાસીપાસ થયેલો માણસ હૂંફનાં, હિંમતનાં, સહાનુભૂતિના થોડા શબ્દોથી ફરી પાછો ઉભો થઈ શકે છે અને એટલે જ શબ્દોને કયારેય વેડફવા નહી.... આડા અવળા ફંગોળવા નહી. તેનાંથી અનેક અનર્થો સર્જાતા હોય છે ! ત્યારે કવિ મનોજ ખંડેરિયાની જ રચના લખુ તો : " કયાંથી હવાય પામી શકે પાર શબ્દનો, ટહોળો છે આભ જેટલો વિસ્તાર શબ્દનો. વર્ષોથી હૈયુ ઝંખતુ અજવાળુ મૌનનુ ઘેરી વળ્યો છે. આંખને અંધાર શબ્દનો. વન વન, નગરને શેરીઓ ઘર કે દીવાલ સૌ લઈને ઉભા છે, પાંગળો આધાર શબ્દનો. ભેગા મળીને સાત સૂરજ તપશે જે ઘડી, પીગળી બરફની જયમ જશે આકાર શબ્દનો. આંજો નયનમાં સાંજનુ ભગવુ ગગન હવે,, શોભે ન આજ આપણે શણગાર શબ્દનો."

શબ્દ અતાગ છે, અમાપ છે, અપાર છે. સંવેદનોનો મુખ્ય આધાર છે. ત્યારે સમાજમાં, વ્યવહાર જગતમાં, વાર્તાલાપ અને ડીબેટોમાં જે રીતે શબ્દોનો ભયંકર દુર્વ્યય થાય છે, તે પણ બહુ મોટી ચિંતાનો અને ચિંતનનો વિષય બનતો જાય છે. સમાજમાં, હવે રીતસર શબ્દોને ફેંકવામાં આવતા હોય, તેવો વાણી વિલાસ થતો જોવા મળે છે. જે અનેક અનર્થો સર્જવામાં નિમિત બને છે. ત્યારે સૌ શબ્દનો મહિમા સમજે, શબ્દને સાધે ત્યારે જ તેની સાધના સફળ થઈ ગણાશે.

**:: નવનીત ::**

" હશે શબ્દ જે ભેટશે બાથ ભીડી, ગરમ લોહના સ્તંભ પર જોઈ કીડી." –મનોજ ખંડેરિયા

# "આ અઘરૂં છે"

**"દિલમાં કોઈ ખેદ ન રાખો, માફ કરો ને માફી આપો."**

# અનુભૂતિનાં અક્ષરો

- નિધિ મહેતા "ખુશી" અમદાવાદ



આપણી આસપાસ જુદી જુદી પ્રકૃતિના અનેક લોકો રહે છે. દરેકની સમજ, વિચાર અને સ્વભાવ જુદા હોવાના. જેમ કહેવાય છે ને" તુઉડે તુઉડે મતિર્ભિન્ના" એ રીતે દરેક વ્યક્નિો પોતાનો આગવો એક સ્વભાવ છે અને એની મર્યાદાઓ પણ છે. એટલે આપણે વિચારીએ એવું જ દરેક વ્યક્તિ વિચારતી હોય એ સહેજ પણ જરૂરી નથી. આપણે સમજાવીએ એ દરેક વ્યકિસમજે એ પણ જરૂરી નથી અને આવી અપેક્ષા રાખવી એ પણ યોગ્ય ન કહેવાય.

ત્યારે દરેક વ્યક્નિા જીવનમાં કયાંક ને કયાંક મતભેદ, મનદુઃખ કે અન્ય વ્યક્તિ સાથે તકરારના સંજોગો આવી જતા હોય છે. ત્યારે ઘણીવાર બંને પક્ષે અહમ આડો આવતો હોય છે. ઘણી વખત એક વ્યક્તિ પોતાની વાત સમજાવી સમજાવીને થાકી જાય છતાં સામે પક્ષે બીજી વ્યક્તિ એ સમજવા તૈયાર જ નથી . હોતી ત્યારે એક સમયે સમજાવનારી વ્યક્તિ થાકી જતી હોય છે. ત્યારે તે ચૂપ થઈ જતી હોય છે. પછી તેમની વચ્ચે સંવાદનો સેતુ તૂટી જતો હોય છે અને ખરેખરવાત સુધારવાને બદલે વણસી જતી હોય છે. ત્યારે ખરેખર આ એક આપણે સૌએ સાંભળેલી વાત ઘણી કારગર સાબિત થાય છે. આવા સંજોગોમાં એ vat એટલ" ક્ષમા વીરસ્યભૂષણમ" એટલે કે "માફી એ વીરોનું આભૂષણ છે." જેમ માફી આપવા માટે ખૂબ હિંમત જોઈએ એ જ રીતે માફી માંગવા માટે પણ હિંમત જોઈએ. પણ જેટલી આ સલાહ કોઈને કહી દેવી કે સાંભળી લેવી સરળ છે એટલી જ વાસ્તવિકતામાં તેને અનુસરવું અઘરું છે.

આપણે સૌ માફી માંગતા પણ સંકોચ અનુભવીએ છીએ અને કોઈને માફ કરતા પણ અચકાઈએ છીએ. આપણી ભૂલ માટે આપણે હંમેશા સારામાં સારા વકીલ બની દલીલો કરતા રહીએ છીએ અને બીજાની ભૂલ માટે જજ બની તાત્કાલિક ફેસલો સંભળાવી દઈએ છીએ. પરંતુ ખરેખર સંબંધોમાં મતભેદને મનભેદ ન બનવા દેવો હોય તો, "માફી માંગતા શરમાવુ નહીં ને આપતા અચકાવું નહીં."

એનો મોટો લાભ એ થાય છે કે, કોઈ નકારાત્મક ભાવ જે તે વ્યક્તિ માટે આપણા મનમાં નથી રહેતો. એટલે જ આપણી માનસિકતાની તંદુરસ્તી પર ખરાબ અસર નથી થતી. એટલે જો ભૂલ ક્ષમ્ય હોય તો માફી આપી દેવી.પરંતુ ભલે આ માફી આપવી કે ભૂલને ભૂલી જવી એ ખૂબ સારી બાબત છે. છતાં પણ એટલું જ સત્ય એ છે કે "ભૂલને ભૂલી જવાની છે પણ એ ભૂલમાંથી શીખેલ સબકને નહીં." કારણકે એ સબક યાદ રાખવાથી જીવનમાં એ જ ભૂલ ફરીથી નહીં થાય.

તો જો સંબંધ મહત્વનો હોય તો ભૂલને ભૂલી જઈ માફી માંગી લેવી કે માફી આપી દેવી પણ એ ભૂલમાંથી શીખેલા પાઠને હંમેશા યાદ રાખવો.

# ૨૯ જુલાઈ, "વિશ્વ વાઘ દિવસ"

વિશ્વભરમાં ૨૯ જુલાઈના દિવસે "વિશ્વ વાઘ દિવસ" ઉજવવામાં આવે છે. વાઘ ફેલિડે (બિલાડી, જંગલી બિલાડી અથવા પેન્થેરા ટાઈગ્રીસ વગેરે)નાં પરિવારનો એક સભ્ય છે. તે ભારતનુ રાષ્ટ્ર પ્રાણી છે. વિશ્વમાં વાઘની લગભગ ૭૦ ટકા વસતી ભારતમાં છે. વાઘોની ઘટતી સંખ્યા તેમજ તેના સંરક્ષણ માટેની જાગૃતતા ફેલાવાનાં હેતુથી આ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો નિર્ણય વર્ષ ૨૦૧૦માં સેન્ટ પીટર્સ બર્ગ "ટાઈગર સમ્મિટ"માં કરવામાં આવ્યો હતો. વિશ્વમાં દિવસે દિવસે ઘટતા જતા વાઘોનું રક્ષણ કરવુ આવશ્યક હતુ. આ બાબતે કશુ ન કરવામાં આવે તો વાઘ ધીમે ધીમે અલિપ્ત થવાને આરે હતા માટે આ સંમેલનમાં વાઘની આબાદી ધરાવતા ૧૦ દેશોએ એવુ કહ્યુ કે વર્ષ ૨૦૨૨ સુધી



તેઓ વાઘની આબાદી બમણી કરશે.

સૌથી મોટી વાઘની પેટાજાત સાઈબેરીયન વાઘ છે. કોઈ પણ પરિસ્થિતિમાં રહેવા ટેવાયેલા આ વાઘની શ્રેણી સાઈબેરીયન તાઈગા, ખુલ્લી ઘાસ આચ્છાદિત જમીનથી લઈને ઉષ્ણકટીબંધીય વૃક્ષ વિસ્તારમાં જળ બંબાકારમાં પણ રહી શકે છે. તેઓ અમુક પ્રદેશમાં રહે છે અને સામાન્ય રીતે એકલુ રહેનાર પ્રાણી છે. ભારતમાં બાંધવગઢ નેશનલ પાર્ક(મધ્યપ્રદેશ), પેંચ ટાઈગર રીઝર્વ(મધ્યપ્રદેશ), રણથંભોર નેશનલ પાર્ક (રાજસ્થાન), જીપ કોર્બેટ નેશનલ સમયની સાથે વિલુપ્ત થતા વન્યજીવોમાં વાઘ પણ એવુ પ્રાણી છે. જેની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. એક રિપોર્ટ અનુસાર વિશ્વમાં હાલ માત્ર ૪૫૦૦થી પણ ઓછા જંગલી વાઘ બન્યા છે.

–મિત્તલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)

## ૨૮ જુલાઈ, 'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ'

# પ્રકૃતિ, ઈશ્વરની પ્રતિકૃતિ, વૃક્ષમ શરણમ ગચ્છામિ

## પર્યાવરણ બચશે તો જ આપણે બચીશું

જળ, જંગલ, જમીન, જનાવર આ ચારેય વગર જન કલ્પના અને કુદરતની કલ્પના કરવી અશકય છે. જંગલ છે તો વન્યજીવ છે. જળ છે તો જળીય જીવોનું અસ્તિત્વ છે અને આપણા માટે તો જળ એ જ જીવન છે. વિશ્વમાં સૌથી સમૃદ્ધ દેશ એ જ છે જયાં જળ, જંગલ, જમીન, અને જનાવર પર્યાપ્ત માત્રામાં હોય. આપણા દેશ નદીઓ, જંગલ અને વન્યજીવ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. પ્રકૃતિ સુરક્ષિત રહેશે ત્યારે જ જીવન ટકી રહેશે અને પ્રકૃતિ પ્રત્યેની જાગરૂકતાના હેતુથી દર વર્ષે ૨૮ જુલાઈ, વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ મનાવવામાં આવે છે.

વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે. જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવથિા નથી. હેમણે ફુટપાથ પર કે જુદા જુદા સ્થળ ે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને કયારેય સ્વને અનુભવીને આપણે એમને માટે કરૂણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર, આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાઈ શકે છે, પણ પ્રાણીઓ ! આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓનાં નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હા એક વાત છે કે હમણાં હમણાં વન્ય જીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાનાં કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે.અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં, વિસ્તારમાં ઘુસણખોરી કરી છે, પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુસણખોરી કરી છે, પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુસણખોરી કરી છે. કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહી તહી બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડ્રસ્ટીઝ ઉભી કરવામાં કેટકેટલા વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.

વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસનો હેતુ પ્રકૃતિનના સંરક્ષણ માટે જરૂરી પગલા લેવાનો છે. પ્રવૃતિમાં અસંતુલન સર્જાવાનો કારણે જ આપણે કુદરતી હોનારતની સામનો કરવો પડે છે. ગ્લોબલ વોર્મિંગ, મહામારીઓ, કુદરતી આપત્તિઓ, તાપમાનનું વધવુ વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ થાય છે. કુદરતનું સંવર્ધન કરવા માટે કાયમી વિવિધ ઉપાયો કરતા રહેવુ જરૂરી છે.

– જંગલો ન કાપવા જોઈએ. વધુમાં વધુ વૃક્ષ વાવવા જોઈએ.
– પાણીનો બગાડ ન કરવો જોઈએ.
– જળ પ્રદુષણ, વાયુ પ્રદુષણ, જમીન પ્રદુષણ, ધ્વનિ પ્રદુષણને ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ.
– પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીને કાપડની થેલીઓનો ઉપયોગ કરવો જોઈએ.
– વીજળી, પેટ્રોલ– ડીઝલ બચાવવુ જોઈએ.
– કુદરત સાથે સકારાત્મક સંબંધ ધરાવતી ટેકિનકસ તથા એસેસરીઝનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે, ખેતરમાં ફર્ટીલાઈઝરની જગ્યાએ જૈવિક ખાતરનો ઉપયોગ કરો.
– શાકાહાર અપનાવવુ જોઈએ.
– પ્રકૃતિ, ઈશ્વરની પ્રતિકૃતિ
– વૃક્ષમ શરણમ ગચ્છામિ
– પર્યાવરણ બચશે તો જ આપણે બચીશુ.

**– મિત્તલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# અમરેલી : સીનિયર સિટીઝન્સ સોસાયટીનાં ૧૮ માં વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ








સાગરથીઉંડાપર્વતથીઉંચા સ્નેહાળવડિલોદ્વારાસ્થપાયેલસિનિયર સિટિઝનસોસાયટીનો૧૮મોવાર્ષિકોત્સવ હોટલ રવિથાળ ખાતે ડો. ભરતભાઈ કાનાબાર અને એજકેર ફેડરેશન વડોદરાનાપ્રમુદનટુભાઈ પટેલનાંઅધ્યક્ષ સ્થાને ઉજવવામાં આવ્યો. પ્રાર્થના બાદ મંડળનાં વડીઈ ભાઈ–બહેનો દ્વારા સાંસ્કૃતિકકાર્યક્રમસરસરીતેરજુથયોબાદ શહેરનાપ્રસિધ્ધલોકસાહિત્યનાકલાકાર ચંદ્રકાંતબારોટઅનેઉર્વશીબારોટદ્વારાલોક સંગીતરજુથયુ.પ્રમુખરવજીભાઈ કાચાએ સૌ. મહેમાનોને આવકાર આપ્યો. દીપ પ્રાગટય થયા બાદ મહેમાનોનું સ્વાગત કરવામાંઆવ્યુ.અધ્યક્ષકાનાબારસાહેબનું શાલપૂષ્પગૂચ્છદ્વારાકાચાસાહેબેસન્માન કર્યુ.નટુભાઈ પટેલનું સન્માન કનુભાઈ જોષીએ શાલ પુષ્પગૂચ્છ દ્વારા કરવામાં આવ્યા. કનુભાઈ પટેલનુંપટોળીયાભાઈ અનેગોવિંદભાઈ પટેલનુંચંપકભાઈદ્વારા સન્માન કરવામાં આવ્યુ.બગસરા સિ.મિ.મંડળના પ્રમુખ નિરુબેનનું દમયંતિબેન તથા તરૂલતાબેન દ્વારા પુષ્પગૂચ્છ તથા શાલથી અભિવાદન થયુ.બાદમાં જુલાઈ માસના જન્મદિન–લગ્નદિન શુભેચ્છા બહેનોના લગ્નગીત દ્વારા આપવામાં આવી. ૨૦૨૩–૨૪માંથયેલપ્રવૃતિનોઅહેવાલ કનુભાઈજોષીએરજુકર્યો. કનુભાઈ પટેલ વડોદરાએએજકેર ફેડરેશન પ્રવૃતિનો અહેવાલઆપ્યો. ડો.ભરતભાઈ કાનાબાર સાહેબેવડીલોનુંઆવુસુંદરમંડળઅનેપ્રવૃતિ વિશે આનંદ વ્યકત કર્યો. મંડળના વડિલો દ્વારાજીવનપ્રસંગોનુકાચાસાહેબદ્વારાતૈયાર કરેલ પુસ્તક અપરાહનનું મહેમાનો દ્વારા વિમોચન કરવામાં આવ્યુ. તરૂલતાબેનનું સંચાલન સારૂ રહ્યુ. આભારદર્શન, રાષ્ટ્રગીતબાદ કાર્યક્રમ સંપન્નથયાનુંકનુભાઈ જોષીએજાહેર કર્યુ.

પાના ૧ ઉપરનું ચાલું

## વીજપડીમાં રૂપિયા ૬.૬૦ કરોડનાં

આપેલ છે આ તાંત્રિક મંજુરી રૂપિયા ૬.૬૦ કરોડના ખર્ચે સામુહિક આરોગ્ય કેન્દ્રને વીજપડી ગામે તૈયાર થશે જેમાં ગામ લોકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે અને ધારાસભ્ય કસવાલા ઉપર અભિનંદનની વર્ષા પણ થઈ રહી છે મળતી વિગતો મુજબ ધારાસભ્ય કસવાલાએ જણાવ્યું હતું કે આ સામુહિક આરોગ્ય કેન્દ્રથી રાજુલા અને મહુવા તાલુકાના ગામડાઓને પણ ખૂબ સારો લાભ મળશે સાથોસાથ સામૂહિક આરોગ્ય કેન્દ્ર વિજપડી ગામે બનવાથી આરોગ્યતામાં પણ સુધારો થઈ શકશે ધારાસભ્ય કસવાલાએ વધુમાં જણાવ્યું હતું કે આ સામૂહિક આરોગ્ય કેન્દ્રનું મેન બિલ્ડીંગ જે ૩.૯૧ કરોડના ખર્ચે તૈયાર થઈ થશે તો વોટર સપ્લાય અને સેનીટરી વર્ક માટે સાત લાખ, એકટરનલ ડ્રેનેજ સિસ્ટમ માટે ૬.૮૯ લાખ, ફાયર પ્રોટેકશન વર્ક માટે ૨૭.૨૦ લાખ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે ૨.૪૮ લાખ, પ્લાન્ટેશન વર્ક માટે ૮૦,૦૦૦ સીસી રોડ અને મેઈન એન્ટ્રી માટે ૨૦.૮૩ લખા, કમ્પાઉન્ડ વોલ માટે ૨૦.,૦ લાખ, એમ્બ્યુલન્સ ગેરેજ માટે ૫.૩૪ લાખ, ઈલેકટ્રીક વર્ક માટે ૩૮.૮૮ લાખ, એમ.જી.પી. એસ વર્ક માટે ૬.૩૨ લાખ મળી કુલ રૂપિયા ૬.૬૦ કરોડના ખર્ચે આ સામુહિકારીઓ કેન્દ્રનું નિર્માણ થશે અને લોકોની આરોગ્ય લક્ષી સુવિધાઓ માં પણ વધારો થશે તેમ સત્વ ''અટલધારા'' કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હિરપરાની અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૭૦ | ૧૧૯૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૪૮ | ૧૨૫૦ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૭૬ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૧૧૦ | ૧૬૦૬ |
| ૫ | તલ સફેદ | ૧૭૭૫ | ૨૭૩૨ |
| ૬ | તલ કાળા | ૩૨૦૦ | ૩૫૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૪૪૦ | ૩૫૩૪ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૩૮૦ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૯૧૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૭૧ | ૫૯૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૨ | ૫૮૦ |
| ૧૨ | મગ | ૧૪૦૫ | ૧૬૩૯ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૩૧૮ |
| ૧૪ | ચણા દેશી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | કપાસ | ૯૪૫ | ૧૫૫૩ |
| ૧૬ | એરંડા | ૧૦૧૫ | ૧૧૦૦ |
| ૧૭ | જીરૂ | ૪૨૯૦ | ૪૭૧૫ |
| ૧૮ | રાય | ૧૧૨૫ | ૧૧૪૨ |
| ૧૯ | ધાણા | ૧૨૫૫ | ૧૨૫૫ |
| ૨૦ | મેથી | ૮૧૦ | ૧૧૦૯ |
| ૨૧ | સોયાબીન | ૮૩૦ | ૮૪૩ |
| ૨૨ | રજકાનુ બી | ૩૬૦૦ | ૩૬૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં જીરા ગામે

મરામત કરવામાં આવે તેવી માંગ ગામજનો કરી રહ્યા છે.

ભાજપ સરકારનું ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી શાસન છે અને ત્યારથી ગામડાઓને ગોકુળિયા બનાવવાનું વચન આપવામાં આવી રહ્યું છે. પરંતુ આજે ગામડાઓ તો ઠીક તાલુકા અને જિલ્લા કક્ષાનાં શહેરોમાં પણ બિસ્માર માર્ગોની સમસ્યા જોવા મળી રહી છે.

દરમિયાનમાં જીરાનાં આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક અને માધ્યમિક શાળા તેમજ બોરાળા જતો માર્ગ બિસ્માર બનતાં વાહનવ્યવહાર બંધ થતાં બાળકોને શાળાએ જવામાં તો ગામમાંથી અવરજવર કરવી મુશ્કેલ બની રહી છે. તો ગંદકીની સમસ્યાથી રોગચાળાનો ખતરો ઉભો થયો હોય ગામ પંચાયતનાં શાસકો તેમને મળેલ જવાબદારી સંપૂર્ણપણે નિભાવે તેવી માંગ ઉભી થઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરામાં માર્ગ બનાવવામાં

તેમ પાણી વહેતુ હતું. એક કિલો મીટર સુધી પાણી વહેતા છેક સરકારી દવાખાના સુધી પાણી પહોંચતા રોડ પર ઉભા રહેતા ફેરિયાઓને હાલાકીનો સામનો કરવાની ફરજ પડી તેમજ અહીં દવાખાનાની અંદર પાણી જમા થતા નદી બની હતી અને સારવાર લેવા માટે આવતા દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. અડધો કલાક બાદ પાલિકાના પાણી પુરવઠાના કર્મચારીઓ દોડી આવતા મુખ્ય પાઈપલાઈન બંધ કરવામાં આવતા પાણી બંધ થયું હતું.

આ સમગ્ર ઘટનાનો વીડિયો શહેર આમ આદમી પાર્ટીના પ્રમુખ કૌશિક ભરાડ દ્વારા વીડિયો ઉતારી સોશ્યલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો હતો અને તેઓએ નગરપાલિકાની ઘોર બેદરકારી સામે સવાલ કર્યા હતા. તાજેતરમાં ચાર–પાંચ દિવસ પાણી બંધ રહ્યું હતું અને લોકોને પીવાના પાણી માટે વલખા મારવા પડયા હતા તેમજ મોંઘા ભાવે વેચાતું પાણી મંગાવવા માટે લોકોને ફરજ પડી હતી. પાલિકા પાસે પીવાના પાણી માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા નથી અને આમ કારણ વગર કોન્ટ્રકરની બેદરકારીના કારણે પાણીનો બગાડ થઈ રહ્યો છે. ત્યારે પાલિકા કોન્ટ્રાકટર પર પગલાં લેશે કે નહિ તે જોવું રહ્યું. શહેરના રોડના કામકાજ કે અન્ય કામકાજ દરમિયાન પાણી પુરવઠા વિભાગના કર્મચારીઓને સાથે રાખવામાં આવે અને પછી ખોદકામ કરવામાં આવે તો આવી ઘટનાનો બનતી અટકી શકે તેવું અંતમાં કૌશિક ભરાડ દ્વારા જણાવ્યું હતું.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૨૫૨ |
| ૩ | શીંગદાણા | – | ૧૭૮૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૭૬ |
| ૫ | જીરૂ | ૪૭૦૦ | ૪૮૦૦ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૧૩ |
| ૭ | ઘઉં લોકવન | ૪૬૬ | ૫૬૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| ૯ | બાજરો | ૩૮૫ | ૫૦૧ |
| ૧૦ | જુવાર | ૩૬૦ | ૮૦૦ |
| ૧૧ | મગ | ૧૧૫૧ | ૧૬૦૦ |
| ૧૨ | ચણા | ૯૫૦ | ૧૨૧૫ |
| ૧૩ | તુવેર | ૧૬૦૦ | – |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં નેતા, નીતિ,

બે ચુંટણીમાં વિજેતારૂપી ઓકિસજન આપતી હોવાથી કોંગ્રેસ પક્ષનાં હજુ થોડી હલચલ જોવા મળી રહી છે. પરંતુ, ભવ્યતમ સફળતા મળે તે માટે કોઈ નેતામાં ભરોસો જોવા મળતો નથી.

આગામી ૩ મહિનામાં જિલ્લાની ૪ પાલિકાની ચુંટણી યોજાઈ રહી છે. જેમાં પુનઃ ભાજપનાં હાથે પરાજય પામવાની માનસિક તૈયારી જિલ્લાનાં નેતાઓએ કરી લીધી છે.

જિલ્લાની જનતાએ પાટીદાર આંદોલનનાં વર્ષ ૨૦૧૫થી ૨૦૧૭નાં ૩ વર્ષમાં કોંગ્રેસપક્ષને સ્થાનિક સ્વરાજયથી લઈને વિધાનસભાની ચુંટણીમાં પ્રચંડ સમર્થન આપેલ. પરંતુ, તેમાં કોંગ્રેસપક્ષો નોંધપાત્ર કામગીરી કરવાની અને જિલ્લામાં પુનઃ તેમનું વર્ચસ્વ જમાવવાની તક ગુમાવી દીધી અને જિલ્લાની જનતાએ બાદમાં કોંગ્રેસપક્ષને પુનઃ પરાજિત કરી દીધી.

આશ્ચર્યજનક બાબત એ છે કે જિલ્લાનાં ટોચનાં કોંગીનતાઓ કયાં છે, શું કરે છે, આગામી રણનીતિ શું છે તેને લઈને કાર્યકરોને પણ ખબર નથી તેવી ગંભીર હાલત જોવા મળી રહી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૯૯ | ૧૦૯૯ |
| ૨ | શીંગ ફાડા | ૧૩૩૭ | ૧૩૩૭ |
| ૩ | સોયાબીન | ૮૨૬ | ૮૨૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૧૮ | ૧૫૫૨ |
| ૨ | મગફળી | ૧૦૯૫ | ૧૧૨૫ |
| ૩ | જીરૂ | ૪૬૪૦ | ૪૭૦૦ |
| ૪ | ઘઉં | ૪૮૯ | ૫૦૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૫ | ૧૪૪૦ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૨૪૦ |
| ૩ | ઘઉં લોકવન | ૫૧૭ | ૫૪૩ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૬૪ | ૫૩૩ |
| ૫ | સોયાબીન | ૮૦૧ | ૮૩૧ |
| ૬ | તલ સફેદ | ૨૫૪૦ | ૨૫૪૦ |
| ૭ | શીંગદાણા | ૧૨૪૦ | ૧૫૯૫ |
| ૮ | બાજરો | ૩૯૦ | ૩૯૦ |
| ૯ | મગ | ૧૪૦૦ | ૧૬૨૩ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી પાલિકામાં કાયમી કર્મચારીઓની

અનુભવી કર્મચારી નિવૃત્ત થતાં સત્તાપક્ષનાં પદાધિકારીઓ અને નગર સેવકો ઈચ્છે તો પણ લોકઉપયોગી કાર્યોનું નિરાકરણ કરી શકતા નથી.

પાલિકામાં કાયમી ધોરણે સેનેટરી ઈન્સ્પેકટર, ઓવરશીયર, એન્જીનીયર, એકાઉન્ટન્ટ સહિતનાં મહત્વનાં તમામ પદો ઈન્ચાર્જથી ચાલી રહ્યા છે. હંગામી, આઉટ સોર્સિંગ અને ફિકસ પેથી હાલ તો ગાડુ ગબડાવવામાં આવતાં શહેરમાં બંધ સ્ટ્રીટલાઈટ, ગંદકી, નિયમિત પાણી વિતરણ કે બિસ્માર માર્ગોની સમસ્યાનું નિરાકરણ થઈ શકતું નથી.

પાના ૮ ઉપરનું ચાલું

## ગુજરાતમાં શિક્ષકોની

જે વર્ગખંડો છે તેમાં પણ મોટી સંખ્યામાં વર્ગખંડો જર્જરીત છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાન સહાયક યોજના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક માટે ૧૧ મહિનાના કરાર (કોન્ટ્રાકટ) થી નિમણુંક કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું. ભાજપ સરકાર દ્વારા કાયમી શિક્ષકને બદલે કોન્ટ્રાકટ પ્રથા દાખલ કરવાની યોજના ગેરબંધારણીય અને ગેરકાયદેસર છે. શિક્ષણ વિભાગ દ્વારા કાયમી શિક્ષકોની ભરતી કરવાને બદલે જ્ઞાન સહાયક માટે પુનઃ જાહેરાત આપવામાં આવી છે. ટેટ–ટાટ પાસ થયેલ હજારો ગુજરાતના યુવાન–યુવતીઓ કાયમી ભરતીના સ્વપ્ન જોઈ રહ્યા છે પણ, સરકાર દ્વારા કરાર આધારિત જ્ઞાન સહાયકની ભરતી જાહેર કરવુ કેટલા અંશે વ્યાજબી ? ગુજરાત સરકારે જે આધાર લઈને જ્ઞાન સહાયક યોજના જાહેર કરેલ છે તે રાષ્ટ્રિય શિક્ષણ નિતિ–૨૦૨૦માં પેઈજ નં. ૨૨, પોઈન્ટ નં. ૫૧૭ માં સ્પષ્ટ પણે કાયમી શિક્ષકો નિમણુંકની જોગવાઈ છે તો પછી કોન્ટ્રાકટ આધારે જ્ઞાન સહાયક યોજના કેમ?

કાયમી શિક્ષકોની ભરતી માટે જયારે જયારે વ્યાપક રજુઆતો થાય છે ત્યારે આક્રોશ ઠંડો પાડવા શિક્ષણમંત્રી દ્વારા વિધાનસભા ગૃહમાં અને સમૂહ માધ્યમોમાં મૌખિક જાહેરાતો કરવામાં આવે છે પણ, મૌખિક જાહેરાત મુજબ સત્તાવાર ભરતી કરવામાં આવતી નથી. તાજેતરમાં પાંચ–પાંચ વર્ષથી શિક્ષક બનવા માટે રાહ જોઈ રહેલા ગુજરાતના ટેટ–ટાટ પાસ યુવાનોએ તાત્કાલીક ભરતી પ્રક્રિયા હાથ ધરવાની માંગ સાથે ગાંધીનગરમાં આક્રોશ સાથે પ્રદર્શન કર્યુ ત્યારે ફરી એક વખત ભરતી પ્રક્રિયા માટે મૌખિક જાહેરાત કરવામાં આવી જેને અનેક દિવસો વિતી ગયા છતાં આજદિન સુધી સરકાર દ્વારા સત્તાવાર જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું નથી. જે ગુજરાતના યુવાન–યુવતિઓ સાથે વધુ એક છેતરપીંડી છે. વિદ્યાસહાયક અને શિક્ષક સહાયક ભરતી માટે જાહેરનામું તો ના આવ્યું પણ ઉલટાનું કરાર આધારીત જ્ઞાન સહાયકની જાહેરાત પ્રકાશીત કરવામાં આવી તે કેટલે અંશે વ્યાજબી ? જે સરકાર વારંવાર જ્ઞાન સહાયકને વૈકલ્પિક વ્યવસ્થા ગણાવે છે તે શા માટે કાયમી ભરતીના ભોગે આવી જાહેરાતો કરી રહ્યાં છે ? રાજય સરકાર અને શિક્ષણ વિભાગ ગુજરાતના યુવાન–યુવતિઓ સાથે રમત રમવાનું બંધ કરે.

પ્રાથમીક–માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ઓછી ફીના કારણે ગરીબ–સામાન્ય–મધ્યમ વર્ગના વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતા હોય છે. તેમને શિક્ષકો વિના અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે જે ઘણી જ ગંભીર બાબત છે.

રાજયનો શિક્ષણ વિભાગ જે રીતે એક પછી એક પગલા/યોજના જાહેર કરી રહી છે તેનાથી શિક્ષણ વ્યવસ્થા સુધારાને બદલે વધુ નુકસાનકારક સાબિત થઈ રહ્યું છે. ત્યારે તાજેતરમાં શિક્ષણ મંત્રી દ્વારા મૌખિક જાહેર કરેલ ભરતી અંગે તાત્કાલીક સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવે. રાજયમાં શિક્ષકોની ખાલી જગ્યાઓને ધ્યાને લઈ વધુમાં વધુ સંખ્યાનો સમાવેશ કરવામાં આવે અને વિદ્યાસહાયક, શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા બે મહિનાની સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે જેથી વર્ગખંડમાં શિક્ષક ઉપલબ્ધ થાય અને ગુજરાતના બાળકોને શિક્ષણ મળી શકે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે કારગીલ વિજય દિવસ ઉજવણી કરવામાં આવી






ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ખાતે કારગીલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં શહીદોની યાદમાં દીપ પ્રગટાવી પુષ્પ દ્વાર શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ગાયત્રી સંસ્કાર ધામના વડા ડો. રતિદાદા, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તથા ગામ અગ્રણીઓ દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વીર શહીદોની યાદમાં ડો. રતિદાદાએ પુષ્પાંજલિ અર્પી હતી. અને ઈન્ડિયન આર્મીના જવાનોનું ભવ્ય સ્વાગત સન્માન સાથે ગામ અગ્રણીઓનું પણ સ્વાગત સન્માન કર્યુ હતું. આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર મેહશભાઈસ મહેતાએ ભારત માતાને નમસ્કાર કરી દેશના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીને ભાવથી યાદ કરી દેશ ભકિતની ભાવના ઉજાગર કરવા અપીલ કરી હતી. ગાયત્રી સંસ્કાર ધામથી ભવ્ય મશાલ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### પરિવારમાં કોઈ બીજાના નામે મિલકત ખરીદી હશે તો પણ થશે જપ્ત

# ગુજરાત સરકાર ભ્રષ્ટાચાર મુદ્દે વધુ આક્રમક બની

## સરકારી બાબુઓના ભ્રષ્ટાચારના કેસો દિવસેને દિવસે વધતા જોવા મળી રહ્યા છે જેના કારણે આમ જનતા પણ હેરાન પરેશાન છે

અમદાવાદ, તા.૨૭

ગુજરાત સરકાર ભ્રષ્ટાચાર મુદે વધુ આક્રમક બનીને એક એવો કાયદો લાવવાની તૈયારી કરી રહી છે જેમાં ચાલુ ફરજે ભ્રષ્ટાચાર આચરતા અધિકારીઓ તેમજ કર્મચારીઓને સાણસામાં લઈ શકાય. આ બિલ આગામી વિધાનસભા સત્રમાં આવે તેવી સંભાવના છે. સરકારી બાબુઓના ભ્રષ્ટાચારના કેસો દિવસેને દિવસે વધતા જોવા મળી રહ્યા છે. જેના કારણે આમ જનતા પણ હેરાન પરેશાન છે.

રાજકોટ ગેમઝોન આગકાંડના મામલામાં ભ્રષ્ટાચારી પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની જે વિગતો સામે આવી તેણે સરકારના હોશ ઉડાવી દીધા. ભ્રષ્ટ કર્મીઓની કાળી કમાણીની વધતી કરતૂતોએ હવે સરકારને આકરા પગલાં લેવા માટે જાણે મજબૂર કરી દીધી છે. આ મહાભ્રષ્ટાચારી મનસુખ સાગઠિયા પાસે આવક કરતા ૪૧૦% વધુ અપ્રમાણસર મિલકતો મળી આવી હતી. હવે સરકારે આ મુદે આગામી વિધાનસભા સત્રમાં કાયદો લાવવાની તૈયારીઓ કરવા માંડી છે. હવે ગુજરાત સરકાર ભ્રષ્ટાચાર મુદે વધુ આક્રમક બનીને એક એવો કાયદો લાવવાની તૈયારી કરી રહી છે જેમાં ચાલુ ફરજે ભ્રષ્ટાચાર આચરતા અધિકારીઓ તેમજ કર્મચારીઓને સાણસામાં લઈ શકાય.

આ બિલ આગામી વિધાનસભા સત્રમાં આવે તેવી સંભાવના છે. સરકારી બાબુઓના ભ્રષ્ટાચારના કેસો દિવસેને દિવસે વધતા જોવા મળી રહ્યા છે. જેના કારણે આમ જનતા પણ હેરાન પરેશાન છે. આવા ભ્રષ્ટ કર્મીઓ ઉપરની કમાણી જમીનો, ફાર્મ હાઉસ કે અન્ય પ્રકારની સંપત્તિમાં રોકતા હોય છે. એમાં પણ પોતાના પર કઈ ન આવે તે માટે તેઓ ઘરના અન્ય સભ્યોના નામે પણ ખરીદી કરતા હોય છે.

ભ્રષ્ટ અધિકારીઓ સામે જ્યારે આવક કરતા વધુ સંપત્તિના કેસ દાખલ થાય ત્યારે તેની સંપત્તિઓની જપ્તિ માટે કોર્ટ પ્રક્રિયા હોય છે. કેસ દાખલ થયા બાદ સરકાર આ પ્રકારની અપ્રમાણસર મિલકતો જપ્ત કરી શકે. આ કાયદામાં માત્ર ભ્રષ્ટ અધિકારી જ નહીં પરંતુ હવે તો તેના પ્રિયજનો એટલે કે પરિજનો ઉપર પણ તવાઈ આવશે એટલે કે પરિજનો કે ભળતા નામથી જો મિલકતો ખરીદાઈ હશે તો તે પણ જપ્ત કરી શકાશે. અત્રે જણાવવાનું કે છેલ્લા પાંચ વર્ષમાં સરકારી બાબુઓના લાંચના ૧૫૪૯ જેટલા કિસ્સાઓ ચોપડે નોંધાયેલા છે. કેન્દ્ર સરકારે ૧૨ વર્ષ પહેલા ભ્રષ્ટ અધિકારીઓ માટે જે કાયદો બનાવેલો તેમાં આવા અધિકારીઓ જો નિવૃત્ત થાય તો પણ જે તે અધિકારીની સંપત્તિ જપ્ત કરવાની છૂટ આપે છે. નોંધનીય છે કે આ અગાઉ ૨૦૦૬માં ઓડિશામાં અને ૨૦૦૯માં બિહારમાં આ અંગે કાયદો બન્યો હતો પરંતુ ત્યારબાદ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો અને ઠંડુ પાણી રેડાઈ ગયું હતું.

### રાજપીપળા સરદાર ટાઉન હોલની બહારની ઘટના

## ભાજપ મહામંત્રી અને 'આપ'ના જિલ્લા પ્રમુખ જાહેરમાં બાખડ્યા

રાજપીપળા, તા.૨૭

રાજપીપળા સરદાર ટાઉન હોલની બહાર જ નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નિલ રાવ અને આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખે નિરંજન વસાવાએ વચ્ચે જાહેરમાં શાબ્દિક ઘર્ષણ થતા પોલીસ દોડી આવી હતી.આ ઘટના બાદ આમ આદમી પાર્ટી અને ભાજપના કાર્યકરો રીતસરના સામ સામે આવી ગયા હતા.જો કે પોલીસ અને ત્યાં હાજર અન્ય લોકોએ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો.રાજપીપળા સરદાર ટાઉન હોલ ખાતે ૨૬ તારીખે બપોરે ૩ કલાકે આમ આદમી પાર્ટીનો મિશન વિસ્તાર કાર્યક્રમ હતો તો એ કાર્યક્રમ પુર્ણ થયા બાદ ૪ કલાકે ભાજપનો પણ કારગીલ વિજય દિવસનો કાર્યકર્મ હતો.આમ આદમી પાર્ટીનો કાર્યક્રમ પુર્ણ થતા એમના કાર્યકરો બહાર નિકળી રહ્યા હતા જ્યારે ભાજપના કાર્યકરો અંદર પ્રવેશી રહ્યા હતા.હવે ભાજપના કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ પ્રવેશતા આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ એનો વાંધો ઉઠાવ્યો હતો અને ભાજપના કાર્યકરોને જણાવ્યું હતું કે ભાજપ સંખ્યાબળ ભેગુ કરવા વિદ્યાર્થીઓનો સહારો લે છે એ ના ચાલે.બાદમાં આ મુદે નર્મદા જિલ્લા ભાજપ મહામંત્રી નિલ રાવ અને નિરંજન વસાવા વચ્ચે જાહેરમાં જ શાબ્દિક ઘર્ષણ થયું હતું.

નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે ભાજપ કાર્યક્રમ સફળ કરવા વિદ્યાર્થીઓનો ઉપયોગ કરે છે તો સામે નિલ રાવે નિરંજન વસાવાને જણાવ્યું હતું કે આ દેશના શહીદોને શ્રદ્ધાંજલી આપવાનો કાર્યક્રમ છે કોઈ રાજકીય કાર્યક્રમ નથી, આ કાર્યક્રમમાં કોઈ પણ આવી શકે બધાને જાહેર આમંત્રણ છે તમે પણ ચાલો તમને હું આમંત્રણ આપુ છું.અમે અલગાવવાદી નથી રાષ્ટ્રવાદી છીએ, અમે કોઈને આવવા દબાણ નથી કરતા.તમે લોકો તમારી પ્રસિધ્ધિ માટે આને રાજકીય મુદો ન બનાવશો.

## જેમને ગુજરાતમાંથી બહાર કરી દેવાયા હતા તે આજે ગૃહમંત્રી છે : શરદ પવાર

મુંબઈ, તા.૨૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં એનસીપી(એસપી) ના પ્રમુખ શરદ પવારને કરપ્શનના કિંગપિન કહ્યા હતા. તેમના આ નિવેદન પર હવે શરદ પવારે વળતો પ્રહાર કર્યો હતો. શરદ પવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને યાદ અપાવ્યું કે કેવી રીતે સુપ્રીમ કોર્ટ દ્વારા ખુદ અમિત શાહને ગુજરાતમાંથી દૂર રહેવા માટે મજબૂર કરાયા હતા. શરદ પવારે કહ્યું કે થોડા દિવસ પહેલા ગૃહમંત્રી અમિત શાહે મારા પર પ્રહારો કર્યા હતા અને કેટલીક વાતો કહી હતી. તેમણે મને દેશના સૌથી ભ્રષ્ટ લોકોના કમાન્ડર ગણાવ્યા હતા. વિચિત્ર વાત એ છે કે ગૃહમંત્રી એક એવી વ્યક્તિ છે જેમણે ગુજરાતના કાયદાનો દુરુપયોગ કર્યો અને એટલા માટે સુપ્રીમ કોર્ટે તેમને ગુજરાતમાંથી બહાર કરી દીધા હતા.શરદ પવારે કહ્યું કે જેમને ગુજરાતમાંથી બહાર કરી દેવાયા હતા તે આજે ગૃહમંત્રી છે એટલા માટે આપણે એ વિચારવું જોઈએ કે આપણે ક્યાં જઈ રહ્યા છીએ. જેમના હાથોમાં આ દેશ છે તે લોકો કયા પ્રકારના ખોટા રસ્તે જઇ રહ્યા છે. આપણે તે અંગે વિચારવું પડશે. નહીંતર મને ૧૦૦% વિશ્વાસ છે કે તે આ દેશને ખોટા રસ્તે લઈ જશે. આપણે તેના પર ધ્યાન આપવું પડશે. મહારાષ્ટ્રના પુણેમાં ભાજપના સંમેલનમાં ૨૧મી જુલાઈએ ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, 'તેઓ (વિપક્ષ) ભ્રષ્ટાચારની વાત કરી રહ્યા છે. ભારતીના રાજકારણમાં ભ્રષ્ટાચારના સૌથી મોટા કિંગપિન શરદ પવાર છે અને મને આમાં કોઈ ભ્રમ નથી. તેઓ આપણા પર શું આરોપ લગાવશે? જો કોઈએ ભ્રષ્ટાચારને સંસ્થાકીય બનાવવાનું કામ કર્યું હોય, તો શરદ પવાર, તે તમે જ છો.'

### નહીં થાય નેતૃત્વ પરિવર્તન, બધાએ એક સાથે ચાલવું પડશે

## યોગી આદિત્યનાથ જ યુપીના મુખ્યમંત્રી રહેશે

### એકબાજુ ચૂંટણીના પરિણામો ચોંકાવનારા રહ્યા અને પછી રાજ્યમાં કથિત સંગઠન અને યોગી સરકાર વચ્ચે તણાવ

નવી દિલ્હી, તા.૨૭

ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણી બાદ સતત ભાજપ માટે કપરાં ચઢાણ જોવા મળી રહ્યા છે. એકબાજુ ચૂંટણીના પરિણામો ચોંકાવનારા રહ્યા અને પછી રાજ્યમાં કથિત સંગઠન અને યોગી સરકાર વચ્ચે તણાવનો એપિસોડ જોવા મળ્યો. જો કે હવે આ એપિસોડનો જાણે અંત આવી ગયો એમ લાગે છે. જેને જોતા એવું કહી શકાય કે યુપીમાં યોગી 'બાબા'નો ચારેબાજુ જલવો છે. યોગી આદિત્યનાથ જ યુપીના મુખ્યમંત્રી રહેશે અને ૨૦૨૭માં વિધાનસભા ચૂંટણી પણ તેમના નેતૃત્વમાં લડવામાં આવશે.

યુપીના રાજકારણથી એક એવા પણ મોટા સમાચાર આવ્યા છે કે ડેપ્યુટી સીએમ કેશવપ્રસાદ મૌર્યની નિવેદનબાજીથી કેન્દ્રીય નેતૃત્વ જરાય ખુશ નથી. આવામાં આજે તેમને પાર્ટી ફોરમમાં જ બોલવાના નિર્દેશ અપાયા છે. એટલું નહીં બંને ડેપ્યુટી સીએમ કેશવ મૌર્ય અને બૃજેશ પાઠકના કામકાજ ઉપર પણ કેન્દ્રીય નેતૃત્વ મંથન કરી રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ બંને અંગે આગળ જઈને કોઈ નિર્ણય લેવામાં આવી શકે છે. અત્રે જણાવવાનું કે શુક્રવારે જયપુરમાં ભૂપેન્દ્ર ચૌધરીએ ચોખ્ખા શબ્દોમાં કહી દીધુ હતું કે યુપીમાં ચહેરો બદલવાની કોઈ સંભાવના નથી.

યોગી જ 'ઉપયોગી'?

૧. ૨૦ દિવસ સુધી વિધાયકો સાથે મંથન
૨. મંગળવારે વિધાયકો સાથે મુલાકાત
૩. ભાજપના કેટલાક સાંસદોને પણ મળ્યા સીએમ
૪. જનપ્રતિનિધિઓ પાસેથી લીધા ફીડબેક
૫. ફરિયાદો પર કાર્યવાહીનો ભરોસો
૬. બેદરકાર અધિકારીઓ પર એક્શન
૭. લોકસભા ચૂંટણીનું એનાલિસિસ
૮. ચૂંટણી માટે એકજૂથ રહેવા જણાવ્યું.

વાત જાણે એમ છે કે ૧૫મી જુલાઈના રોજ કાર્યસમિતિની બેઠકમાં સીએમ યોગી અને ડેપ્યુટી સીએમ કેશવપ્રસાદના અલગ અલગ સૂર હતા ત્યારે સરકાર અને સંગઠન વચ્ચે ચાલી રહેલી ખેંચતાણ ખુલીને બહાર આવી.

સીએમ યોગીએ આગળ બધાને એક સાથે ચાલવા કહ્યું તો કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું કે સરકારથી મોટું સંગઠન છે.

સીએમ યોગીએ બેકફૂટ પર નહીં આવવાની વાત કરી તો મૌર્યએ કહ્યું કે સંગઠન હતું અને હંમેશા રહેશે. ત્યારબાદ યોગીએ સ્પષ્ટ સંદેશો આપ્યો કે ૨૭માં એક પણ તિરાડ પડી તો બધા પર અસર પડશે. દિલ્હીમાં યુપીના નેતાઓને એક સાથે બેસાડીને સ્પષ્ટ કરી દેવાયું છે કે બધાએ એક સાથે ચાલવું પડશે. 'ઘર્ષણ'વાળા નિવેદન ન આવવા જોઈએ. બધા મળીને કામ કરશે.


## શ્રદ્ધાંજલી

## સ્વ. નાગજીભાઈ નાથાભાઈ રાઠોડ

(ઉ.વ.૭૭) (હરભોલે પાન) સ્વ. તા. ૨૦-૭-૨૦૨૪, શનિવાર



જિંદગી ચાલી જાય પણ ગુણોની ગરીમા રહી જાય છે.
શિલાલેખ કદાચ ભુસાઈ જાય પણ સ્મરણો અંતરમાં કોતરાઈ જાય છે.
આજે આપ અમારી વચ્ચે સદેહ નથી
આજે અમારૂ મન અને હૃદય આંખમાં આવી અશ્રુઓ વહાવી રહયાં છે.
મને ક્યારેય ભૂલી નહી શકાય. આપના સદ્‌ગુણો અને હસતો ચહેરો
હંમેશા અમારા માટે કાયમી સંભારણું બનશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

: જેસીંગપરા અમરેલી :
■ ગં. સ્વ. કાશીબેન નાગજીભાઈ રાઠોડ ■ ગં.સ્વ. ભાનુબેન બાબુભાઈ રાઠોડ
■ દિપકભાઈ નાગજીભાઈ (પુત્ર) ■ નયનાબેન દિપકભાઈ રાઠોડ (પુત્રવધુ)
■ જયભાઈ દિપકભાઈ રાઠોડ (પૌત્ર) ■ હિરલબેન જયભાઈ રાઠોડ (પૌત્રવધુ) ■ મનાલી દિપકભાઈ રાઠોડ (પૌત્રી)
■ ગં.સ્વ. મોંઘીબેન રામજીભાઈ રાઠોડ (કાકી) ■ ગં.સ્વ. કુંવરબેન લક્ષ્મણભાઈ રાઠોડ (કાકી)
■ વિઠલભાઈ નાથાભાઈ રાઠોડ (ભાઈ) ■ હિંમતભાઈ રામજીભાઈ રાઠોડ ■ મંજુલાબેન હિંમતભાઈ રાઠોડ
■ ભુપતભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ (ભાઈ) ■ પ્રભાબેન ભુપતભાઈ રાઠોડ
■ મગનભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ ■ કિરણબેન મગનભાઈ રાઠોડ ■ નરેશભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ
■ મયુરભાઈ હિંમતભાઈ રાઠોડ ■ દિપ્તીબેન મયુરભાઈ રાઠોડ
■ બિપીન હિંમતભાઈ રાઠોડ ■ કાજલબેન બિપીનભાઈ રાઠોડ
■ ચિરાગભાઈ ભુપતભાઈ રાઠોડ ■ જીજ્ઞીશાબેન ચિરાગભાઈ રાઠોડ
■ સચિન મગનભાઈ રાઠોડ ■ નીપ મયુરભાઈ રાઠોડ ■ કિશિવ ચિરાગભાઈ રાઠોડ

રાઠોડ પરિવારનાં જયશ્રીકૃષ્ણ... મો. ૯૮૭૯૧ ૧૮૯૫૧

: બેન બનેવી :
■ કાચબેન જાદવભાઈ વાનાણી ■ કંચનબેન બટુકભાઈ વિકાણી
■ ગં.સ્વ. હંસાબેન વિરજીભાઈ ગોહિલ ■ ગં.સ્વ. વિજયાબેન માધવજીભાઈ ગોહિલ
: દિકરી જમાઈ :
■ રસીલાબેન મનસુખભાઈ પાયર ■ મનસુખભાઈ વલ્લભભાઈ પાયર
■ ભારતીબેન ધીરજલાલ દામાણી ■ ધીરજલાલ અરજણભાઈ દામાણી
■ રેખાબેન ભરતકુમાર ગોહીલ ■ ભરતકુમાર લવજીભાઈ ગોહીલ
■ શિલ્પાબેન મહેશકુમાર ચાવડા ■ મહેશકુમાર લાલજીભાઈ ચાવડા
: ભાણેજ :
■ રમેશભાઈ જાદવભાઈ વાનાણી ■ રાહુલ બટુકભાઈ વિકાણી
■ અક્ષય મનસુખલાલ પાયર ■ નીરાલી ધવલકુમાર ડોબરીયા
■ મિરાજ ધીરજલાલ દામાણી ■ ચાંદની ધીરજલાલ દામાણી
■ પ્રશાંત ભરતકુમાર ગોહીલ ■ માનસી ભરતકુમાર ગોહીલ


## શ્રી ઠવી સેવા સહકારી મંડળી લિ.(વહીવટ) - જાહેર નોટિસ

આથી શ્રી ઠવી સેવા સહકારી મંડળી લિ. (વહીવટ) તા.સાવરકુંડલા, જી.અમરેલીના બાકીદાર સભ્યોને જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અગાઉ તારીખ ૩૦/૦૫/૨૦૨૪ના રોજ વર્તમાનપત્રમાં આપેલ જાહેર નોટિસ મુજબ આ મંડળીનો એક તરફી ચાર્જ બેંકે સંભાળેલ હોય નીચે દર્શાવેલ યાદી મુજબના સભ્યોએ ભા.ડી.કો.ઓ.બેંકની શેલણા શાખામાં લેણું ભરપાઈ કરી લેણું બાકી નથી તેઓ દાખલો તથા બોજા મુકિતનું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. તથા આ કરજ ભરપાઈ કરવા ધિરાણની જરૂર હોય તો, તેને બેંકના નોમીનલ સભ્ય બનાવી સરકારશ્રીની વ્યાજ સહાયની લાભ સાથેનું ડાયરેકટ ધિરાણ આપવામાં આવશે. તેમજ હવે પછીના કોઈપણ નાણાકીય કે અન્ય વહીવટી વ્યવહાર બેંક સાથે જ કરવા જણાવવામાં આવે છે, તેમ છતાં કોઈ સભ્ય મંડળી સાથે કોઈપણ વ્યવહાર કરશે તો તે માન્ય ગણાશે નહીં અને આ અંગે તેની જવાબદારી રહેશે.

### જાહેર નોટિસ

| ક્રમ | બાકીદાર સભાસદનું નામ | ધિરાણ બાકીની મુદ્દલ રકમ | ક્રમ | બાકીદાર સભાસદનું નામ | ધિરાણ બાકીની મુદ્દલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | લખુભાઈ વાડીયાભાઈ | ૧૪૬૪૬ | ૭૯ | નાનજીભાઈ કેશવભાઈ સવાલીયા | ૫૦૦૦૦ |
| ૨ | તખુભાઈ રામભાઈ | ૨૫૦૦૦૦ | ૮૦ | નાનજીભાઈ કરમશીભાઈ કાછડીયા | ૩૨૬૦૦૦ |
| ૩ | લખમણભાઈ જાદવભાઈ લક્કડ | ૨૦૦૦૦૦ | ૮૧ | નાગજીભાઈ મનજીભાઈ રામાણી | ૫૪૧૪ |
| ૪ | લાલજીભાઈ મગનભાઈ | ૯૪૦૦૦ | ૮૨ | નાથાભાઈ નારણભાઈ | ૩૨૬૦૦૦ |
| ૫ | લાલજીભાઈ કરમશીભાઈ કાનાણી | ૨૦૦૦૦૦ | ૮૩ | જશવંતીબેન રામભાઈ ખુમાણ | ૧૦૦૦૦૦ |
| ૬ | વિરજીભાઈ લાલજીભાઈ | ૭૦૦૦૦ | ૮૪ | જેરામભાઈ લખમણભાઈ કોળી | ૩૫૫૬૦ |
| ૭ | લાખાભાઈ કરમશીભાઈ લક્કડ | ૯૬૦૦૦ | ૮૫ | જેરામભાઈ ભીખાભાઈ કાછડીયા | ૧૦૦૦૦૦ |
| ૮ | લાભુભાઈ લાલજીભાઈ કાછડીયા | ૯૩૦૦૦ | ૮૬ | જાગાભાઈ પોપટભાઈ ધડુક | ૩૦૦૦૦૦ |
| ૯ | લાભુભાઈ જીવરાજભાઈ ધડુક | ૨૫૦૦૦૦ | ૮૭ | પ્રતાપભાઈ મનસુખભાઈ | ૨૯૧૦૦૦ |
| ૧૦ | સુરેશભાઈ ધીરૂભાઈ નાનજીભાઈ | ૩૧૦૦૦૦ | ૮૮ | જયસુખભાઈ ઉકાભાઈ ડાવરા | ૩૧૭૦૦૦ |
| ૧૧ | સામતભાઈ માણાભાઈ લુણસર | ૩૪૦૮૧૮ | ૮૯ | જયસુખભાઈ સામતભાઈ | ૨૯૮૫૦૦ |
| ૧૨ | સવજીભાઈ જેરામભાઈ | ૬૭૦૦૦ | ૯૦ | જયંતીભાઈ નાગજી કાછડીયા | ૧૫૦૦૦૦ |
| ૧૩ | સવજીભાઈ જેરામભાઈ લક્કડ | ૨૭૧૦૦૦ | ૯૧ | જયંતીભાઈ નારણભાઈ ધડુક | ૧૫૦૦૦૦ |
| ૧૪ | સવજીભાઈ પરબતભાઈ | ૨૦૦૦૦૦ | ૯૨ | જીણાભાઈ મનજીભાઈ કાનાણી | ૯૦૦૦૦ |
| ૧૫ | સવજીભાઈ રામજીભાઈ ઉચદડીયા | ૫૦૦૦૦ | ૯૩ | જીવરાજભાઈ મોહનભાઈ ધડુક | ૧૨૬૦૦૦ |
| ૧૬ | ધનશ્યામભાઈ બાવચંદભાઈ સાવલીયા | ૧૦૦૦૦૦ | ૯૪ | જગદીશભાઈ મુળજીભાઈ | ૮૩૨૦ |
| ૧૭ | ધનશ્યામભાઈ મધુભાઈ કાછડીયા | ૧૦૦૦૦૦ | ૯૫ | વસંતબેન જીવાભાઈ ખુમાણ | ૪૯૦૨૦૦ |
| ૧૮ | પુરીબેન પરશોત્તમભાઈ કાકડીયા | ૨૯૨૦૦૦ | ૯૬ | વાલજીભાઈ પરશોતમભાઈ કાછડીયા | ૫૦૦૦૦ |
| ૧૯ | પ્રેમજીભાઈ ડાયાભાઈ સાવલીયા | ૧૪૪૦૦૦ | ૯૭ | વિલાસગીરી શિવગીરી ગૌસ્વામી | ૧૧૦૦૦૦ |
| ૨૦ | પ્રાગજીભાઈ નારણભાઈ ધડુક | ૩૨૦૦૦૦ | ૯૮ | વિપુલભાઈ નાનજીભાઈ | ૬૦૦૦ |
| ૨૧ | પ્રાગજીભાઈ પ્રેમજીભાઈ ધડુક | ૭૦૦૦૦ | ૯૯ | વિનુભાઈ મધુભાઈ કાનાણી | ૯૩૦૩૨ |
| ૨૨ | પ્રાગજીભાઈ બાવચંદભાઈ | ૨૦૧૪૪૦ | ૧૦૦ | વિનુભાઈ ભીખાભાઈ કાનાણી | ૨૩૦૦૦૦ |
| ૨૩ | પ્રતાપભાઈ નારણભાઈ ધડુક | ૪૧૮૩૩૦ | ૧૦૧ | વિનુભાઈ ઉકાભાઈ ડાવરા | ૬૦૦૦૦ |
| ૨૪ | પોપટભાઈ ડાયાભાઈ ચોડવડીયા | ૪૦૧૦૦૦ | ૧૦૨ | વિનુભાઈ પ્રાગજીભાઈ ધડુક | ૧૦૦૦૦૦ |
| ૨૫ | પોપટભાઈ પ્રેમજીભાઈ | ૧૦૦૦૦૦ | ૧૦૩ | વિરજીભાઈ મનજીભાઈ સાવલીયા | ૨૯૭૦૦૦ |
| ૨૬ | પરબતભાઈ વિરજીભાઈ કાછડીયા | ૨૦૦૦૦૦ | ૧૦૪ | વિરજીભાઈ નાનજીભાઈ ધડુક | ૨૦૦૦૦૦ |
| ૨૭ | પરબતભાઈ રણછોડભાઈ | ૬૦૦૦ | ૧૦૫ | વિરજીભાઈ નાગજીભાઈ કાનાણી | ૧૦૦૦૦૦ |
| ૨૮ | પરશોતમભાઈ લાલજીભાઈ | ૧૦૦૦૦૦ | ૧૦૬ | વિરજીભાઈ ગાંડાભાઈ કાછડીયા | ૧૦૦૦૦૦ |
| ૨૯ | પરશોતમભાઈ મીઠાભાઈ ધડુક | ૪૦૦૦૦૦ | ૧૦૭ | વશરામભાઈ નાગજીભાઈ | ૧૦૦૦૦૦ |
| ૩૦ | પરશોતમભાઈ જેરામભાઈ | ૧૧૫૦૦ | ૧૦૮ | વશરામભાઈ જાદવભાઈ | ૨૯૬૦૦ |
| ૩૧ | પરશોત્તમભાઈ વલ્લભભાઈ | ૫૦૦૦ | ૧૦૯ | દેવચંદભાઈ નાનજીભાઈ સાવલીયા | ૨૦૦૦૦૦ |
| ૩૨ | ટપુભાઈ રામભાઈ કોળી | ૬૫૬૩૫ | ૧૧૦ | દેવચંદભાઈ નાનજીભાઈ ધડુક | ૨૫૪૫૨૦ |
| ૩૩ | બટુકભાઈ કાનાભાઈ કાછડીયા | ૩૦૦૦૦૦ | ૧૧૧ | દેવશીભાઈ કાનજીભાઈ ઉચદડીયા | ૧૨૪૨૦ |
| ૩૪ | બાલુભાઈ લવજીભાઈ ઉચદડીયા | ૧૦૦૦૦૦ | ૧૧૨ | દુલાભાઈ પોપટભાઈ ધડુક | ૫૦૦૦૦ |
| ૩૫ | બાબુભાઈ લાલજીભાઈ પટેલ | ૧૦૦૦૦૦ | ૧૧૩ | દડુભાઈ જીવાભાઈ ખુમાણ | ૨૦૦૦૦૦ |
| ૩૬ | બાબુભાઈ નાનજીભાઈ ધડુક | ૩૯૪૦૦૦ | ૧૧૪ | ફુલાભાઈ છગનભાઈ કાનાણી | ૧૪૯૦૦૦ |
| ૩૭ | બાબુભાઈ જીવરાજભાઈ કાછડીયા | ૨૬૦૦૦ | ૧૧૫ | ઉમેદભાઈ હરસુખભાઈ વિંછીયા | ૫૦૦૦૦ |
| ૩૮ | બાવચંદભાઈ બેચરભાઈ લક્કડ | ૧૦૦૦૦૦ | ૧૧૬ | ઉકાભાઈ મોહનભાઈ ડાવરા | ૧૪૦૦૦૦ |
| ૩૯ | બચુભાઈ લખુભાઈ વિંછીયા | ૧૬૫૦૦૦ | ૧૧૭ | ઉકાભાઈ ગગજીભાઈ | ૭૯૦૦૦ |
| ૪૦ | બચુભાઈ પ્રેમજીભાઈ કોળી | ૨૩૭૨૫ | ૧૧૮ | ચંપાબેન પોપટભાઈ સાવલીયા | ૭૮૦૦૦ |
| ૪૧ | હંસાબેન અમરૂભાઈ ખુમાણ | ૧૦૦૦૦૦ | ૧૧૯ | ચંદ્રજીતભાઈ ભુપનભાઈ | ૩૦૦૦૦૦ |
| ૪૨ | હંસાબેન રમેશભાઈ ધડુક | ૩૭૫૦૦૦ | ૧૨૦ | કાળુભાઈ પ્રેમજીભાઈ ધડુક | ૧૯૦૦૦૦ |
| ૪૩ | હંસાબેન રણછોડભાઈ | ૧૫૦૦૦૦ | ૧૨૧ | કાળુભાઈ ગાંડાભાઈ કાનાણી | ૨૦૦૦૦૦ |
| ૪૪ | હિંમતભાઈ પરશોત્તમભાઈ કાછડીયા | ૩૫૯૭૯૭ | ૧૨૨ | કાળુભાઈ ગોવિંદભાઈ કાનાણી | ૧૩૦૦૦૦ |
| ૪૫ | હકુભાઈ અમરૂભાઈ ખુમાણ | ૫૯૦૦૦ | ૧૨૩ | કાંતીભાઈ વિઠલભાઈ મકવાણા | ૩૧૩૦૦૦ |
| ૪૬ | હરેશભાઈ ઘોહાભાઈ ચોડવડીયા | ૧૭૧૦૦૦ | ૧૨૪ | કરશનભાઈ નથુભાઈ કાછડીયા | ૨૦૦૦૦૦ |
| ૪૭ | મુકેશભાઈ બાબુભાઈ સાવલીયા | ૫૦૦૦૦ | ૧૨૫ | ગુલાબબેન રામભાઈ ખુમાણ | ૧૦૦૦૦૦ |
| ૪૮ | મુકેશભાઈ ઘોહાભાઈ ચોડવડીયા | ૧૫૦૦૦૦ | ૧૨૬ | ગભરૂભાઈ મધુભાઈ કાછડીયા | ૯૦૦૦૦ |
| ૪૯ | મહેશભાઈ ઘનશ્યામભાઈ કાનાણી | ૩૧૯૫૯૬ | ૧૨૭ | ગીતાબેન રામભાઈ ખુમાણ | ૧૦૦૦૦૦ |
| ૫૦ | મનુભાઈ ભગુભાઈ | ૩૦૦૦ | ૧૨૮ | ગીગાભાઈ બેચરભાઈ | ૫૦૦૦૦ |
| ૫૧ | મનુભાઈ જીવરાજભાઈ કોળી | ૨૪૦૦૦ | ૧૨૯ | ગીગાભાઈ માલાભાઈ | ૫૫૦૦ |
| ૫૨ | મગનભાઈ ભીખાભાઈ કાછડીયા | ૧૮૬૩૩ | ૧૩૦ | ગીરીશભાઈ ગોપાભાઈ લોધણ | ૨૫૦૦૦૦ |
| ૫૩ | મધુભાઈ પરશોતમભાઈ કાછડીયા | ૩૧૮૦૦૦ | ૧૩૧ | ગીરીશભાઈ પરબતભાઈ | ૨૫૫૦૦૦ |
| ૫૪ | મધુભાઈ કરશનભાઈ કાછડીયા | ૫૧૯૦૯ | ૧૩૨ | ગોકળભાઈ પોપટભાઈ શિરોયા | ૩૩૧૦૦૦ |
| ૫૫ | ભુપતભાઈ બાબુભાઈ કાછડીયા | ૫૦૦૦૦ | ૧૩૩ | ગોરધનભાઈ પોપટભાઈ ધડુક | ૧૪૯૦૦૦ |
| ૫૬ | ભુપતભાઈ બાવચંદનભાઈ લક્કડ | ૪૧૮૦૦૦ | ૧૩૪ | અમરૂભાઈ ભીખાભાઈ ખુમાણ | ૧૮૩૩૧૮ |
| ૫૭ | ભુપતભાઈ નાનજીભાઈ સાવલીયા | ૧૦૦૦૦૦ | ૧૩૫ | આણંદભાઈ ભુરાભાઈ ધડુક | ૫૦૦૦૦૦ |
| ૫૮ | ભુપતભાઈ વિરજીભાઈ કાછડીયા | ૭૧૦૦૦ | ૧૩૬ | અશોકભાઈ મધુભાઈ | ૧૬૦૦૦૦ |
| ૫૯ | ભુરાભાઈ જીવરાજભાઈ કાછડીયા | ૨૮૯૦૦૦ | ૧૩૭ | અશોકભાઈ ગોવિંદભાઈ | ૧૦૦૦૦૦ |
| ૬૦ | ભનુભાઈ કાનજીભાઈ | ૩૩૦૦૦૦ | ૧૩૮ | અરવિંદભાઈ ભુરાભાઈ ધડુક | ૫૦૦૦૦૦ |
| ૬૧ | ભુરાભાઈ કુરજીભાઈ ધડુક | ૧૦૦૦૦૦ | ૧૩૯ | અરવિંદભાઈ કરશનભાઈ | ૫૦૦૦૦ |
| ૬૨ | ભાવેશભાઈ પોપટભાઈ ચોડવડીયા | ૨૧૮૭૭૭ | ૧૪૦ | ધિરૂભાઈ લખમણભાઈ લકકડ | ૧૫૦૦૦૦ |
| ૬૩ | ભાદાભાઈ નાથુભાઈ ધડુક | ૬૦૦૦૦ | ૧૪૧ | ધિરૂભાઈ મનજીભાઈ સાવલીયા | ૧૫૦૦૦૦ |
| ૬૪ | ભનુભાઈ નાગજીભાઈ કાનાણી | ૧૭૯૦૦૦ | ૧૪૨ | ધિરૂભાઈ નાથાભાઈ | ૧૫૦૦૦૦ |
| ૬૫ | ભનુભાઈ કરમશીભાઈ કાછડીયા | ૨૦૦૦૦૦ | ૧૪૩ | ધિરૂભાઈ રાજાભાઈ ઠુંમર | ૧૯૫૮૬૪ |
| ૬૬ | ભીખુભાઈ જીવાભાઈ ખુમાણ | ૧૨૦૦૦૦ | ૧૪૪ | ઘોહાભાઈ ડાયાભાઈ ચોડવડીયા | ૩૧૪૦૦૦ |
| ૬૭ | ભીખાભાઈ માણસુરશભાઈ | ૩૬૦૦ | ૧૪૫ | ઘોહાભાઈ ભગવાનભાઈ | ૧૦૦૦૦૦ |
| ૬૮ | ભીખાભાઈ ગાંડાભાઈ કાછડીયા | ૧૦૦૦૦૦ | ૧૪૬ | ઘરમશીભાઈ પોપટભાઈ | ૨૧૮૭૭૭ |
| ૬૯ | ભોળાભાઈ અરજણભાઈ ઝાલાવાડીયા | ૨૬૦૦૦૦ | ૧૪૭ | શંભુભાઈ પ્રેમજીભાઈ ધડુક | ૨૭૭૦૦૦ |
| ૭૦ | ભગવાનભાઈ લખમણભાઈ | ૪૬૫૧ | ૧૪૮ | શંભુભાઈ કેશવભાઈ સાવલીયા | ૧૫૦૦૦૦ |
| ૭૧ | ભગવાનભાઈ લખમણભાઈ લકકડ | ૧૦૦૦૦૦ | ૧૪૯ | શંભુભાઈ અરજણભાઈ | ૧૦૦૦૦૦ |
| ૭૨ | ભગવાનભાઈ લાલજીભાઈ કાછડીયા | ૩૫૦૦૦૦ | ૧૫૦ | શંકરભાઈ સવજીભાઈ કાનાણી | ૧૦૦૦૦૦ |
| ૭૩ | ભગવાનભાઈ વલ્લભભાઈ ધડુક | ૮૯૦૦૦ | ૧૫૧ | શામજીભાઈ વલ્લભભાઈ મકવાણા | ૧૫૦૦૦૦ |
| ૭૪ | ભરતભાઈ બાબુભાઈ જીવરાજભાઈ | ૧૦૦૦૦૦ | ૧૫૨ | રજંનબેન રામભાઈ ખુમાણ | ૧૦૦૦૦૦ |
| ૭૫ | ભરતભાઈ બાબુભાઈ એન.કાછડીયા | ૩૦૦૦૦૦ | ૧૫૩ | રમેશભાઈ ભીખાભાઈ કાનાણી | ૨૯૬૨૦૧ |
| ૭૬ | ભરતભાઈ ધોહાભાઈ ચોડવડીયા | ૧૧૩૭૮૯ | ૧૫૪ | રામભાઈ ખોડાભાઈ | ૩૫૮૦ |
| ૭૭ | ભરતભાઈ રવજીભાઈ સાવલીયા | ૫૧૭૫૦ | ૧૫૫ | રવજીભાઈ નાનજીભાઈ કાછડીયા | ૧૧૦૩ |
| ૭૮ | નબુબેન વિનુભાઈ રાવળ | ૫૬૦૦ | | | |

નોંધ : ઉપરોકત કરજ બાકીની યાદીમાં માત્ર મુદ્દલની રકમ જ દર્શાવેલ છે. સભ્યોએ તે રકમ વ્યાજ સહિત ગણતરી કરાવી ખાતુ ચુકતે કરાવવાનું રહેશે.

બ્રાન્ચ મેનેજર
(એન.જે.ખુમાણ )
ભાવનગર ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક લિ.
શેલણા શાખા




## ટેટ અને ટાટ પરીક્ષા પાસ કરેલ હજારો ઉમેદવારો નોકરીની શોધમાં હોય તેવા સમયે

# હે રામ : ગુજરાતમાં શિક્ષકોની ૪૦ હજાર જગ્યાઓ ખાલી

**રાજય સરકાર શિક્ષકોની ભરતીની મૌખિક જાહેરાત કરવાનું બંધ કરે અને સત્તાવાર જાહેરનામુ બહાર પાડે**

**આગામી ૬૦ દિવસમાં શિક્ષકોની ખાલી તમામ જગ્યા ભરવામાં આવે તે જરૂરી**

**ભાજપ સરકાર કોન્ટ્રાકટ પ્રથાથી ભરતી બંધ કરીને કાયમી ધોરણે શિક્ષકોને નોકરી આપે**

**પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. મનિષ દોશીએ ભાજપ સરકારની દુઃખતી નસ દબાવી**

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતની પ્રાથમીક / માધ્યમિક/ઉચ્ચમાધ્યમિકશાળાઓમાં શિક્ષકોની ભરતી અંગે મૌખિક જાહેરાતને બદલે સત્તાવાર જાહેરનામું બહાર પાડવા અને રાજયમાં શિક્ષકોની ખાલી જગ્યાને ધ્યાને લઈ વધુમાં વધુ શિક્ષકોની ભરતીપ્રક્રિયા બે માસમાં પૂર્ણ કરવા મુખ્યમંત્રી સમક્ષ માંગ કરતા ગુજરાતપ્રદેશકોંગ્રેસસમિતિનામીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, આરટીઈ રૂલ્સ બન્યા પછી ત્રણ વર્ષમાં શિક્ષકોની ભરતી ખાસ કરીને ધો-૬ થી ૮માં વિષયવાર શિક્ષકોની ભરતી અને માળખાકીય સુવિધા પુરી કરવાની જવાબદારી રાજય સરકારની બને છે પણ, રાજય સરકાર દ્વારા બાર વર્ષ જેટલો લાંબો સમય વિતી ગયા છતાં કાયદાનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું નથી. રાજયમાં ૪૦,૦૦૦ કરતા વધુ શિક્ષકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. માળખાકીય સુવિધાની દષ્ટિએ ૩૮,૦૦૦ જેટલા વર્ગખંડોની ઘટ છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## ભાજપનાં હાથે છેલ્લા ૩૫ વર્ષથી રાજકીય માર ખાધા બાદ

# અમરેલી જિલ્લામાં નેતા, નીતિ, નિયત વગરની કોંગ્રેસ પાર્ટીનાં કાર્યકરો નિરાધાર બન્યા હોય તેવો માહોલ

**જિલ્લામાં કોંગ્રેસ પક્ષનાં ટોચનાં નેતાઓ કયાં છે, શું કરે છે તેની કાર્યકરોને ખબર નથી**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષનાં સંગઠનની હાલત નેતા નીતિ અને નિયત વગર દયનીય બની ચુકી છે. જિલ્લાનાં કોંગી કાર્યકરો નિરાધાર બન્યા હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં ભાજપનાં હાથે છેલ્લા ૩૫ વર્ષથી રાજકીય માર ખાનાર કોંગ્રેસપક્ષને ઉભો કરી દોડતો કરી શકે તેવો એકપણ જિલ્લા પ્રમુખ મળતા નથી. કયારેક-કયારેક જિલ્લાની જનતા કોંગ્રેસ પક્ષને એકાદ-

અનુસંધાન પાના ૬ ઉપર

## દામનગરમાં રખડતા પશુઓનો અડિંગો



દામનગરમાં શાંતિથી મુખ્ય ચોકમાં આરામ ફરમાવતાં ગૌમાતા, ના કોઈ ચિંતા છે તો જનતાને..! શાસકો મુકપ્રેક્ષક તરીકે. આ તસ્વીર છે દામનગર શહેરનાં હાર્દસમા મુખ્ય ચોક સરદાર સર્કલ વિસ્તારમાં ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે એવા પવિત્ર ગૌમાતા અને આખલા ખોરાકની શોધમાં બેસતા હોય. સામાન્ય રીતે જનતાની સલામતી માટે ચિંતા કરતાં શાસકો મુકપ્રેક્ષકો બનીને જોયા કરતા હોય. રસ્તે રજળતા પશુધન માટે યોગ્ય કામગીરી કરવાની ખાસ જરૂર છે.




## વાયબ્રન્ટ અને વિકસિત ગુજરાતનાં ગ્રામ્ય વિસ્તારની વાસ્તવિકતા

# સાવરકુંડલાનાં જીરા ગામે ખખડધજ માર્ગોનાં કારણે દર્દીઓ અને ગામજનો તોબા પોકારી ગયા

**આરોગ્ય કેન્દ્ર, શાળા કે બહારગામ જવામાં વ્યાપક પરેશાની**



અમરેલી, તા. ૨૭

સાવરકુંડલા નજીક આવેલ જીરા ગામે ખખડધજ માર્ગોથી ગામજનો તોબા પોકારી ગયા હોય જવાબદાર વિભાગ ધ્વારા યુધ્ધનાં ધોરણે માર્ગની

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)